
કિંમત ₹ ૫

# શ્રી સ્વામિનારાયણ માસિક

પ્રકાશન દરમાસની ૧૧ તારીખે ● સળંગ અંક ૧૫૨ ● જાન્યુઆરી-૨૦૨૧




પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧





















૧. કાલુપુર મંદિરમાં ધનુર્માસ દરમ્યાન ઠાકોરજીની આરતી ઉતારતા શ્રી હરિના ત્રણેય અપર સ્વરૂપો. ૨.-૫. અનુક્રમે છપૈયા જેતલપુર, મૂળી અને નારણપુરા મંદિરમાં ધનુર્માસ ધૂન કરતા સંતો - હરિભક્તો. ૬. કોટા શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભવનમાં શાકોત્સવ.



# શ્રી સ્વામિનારાયણ


શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૧૪ ● અંક : ૧૬૨

જાન્યુઆરી-૨૦૨૧

(મૂળ વર્ષ ૫૪)





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
www.swaminarayanmuseum.com

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી (મહંત સ્વામી)
**Mo. : 9313719232**

**પત્રવ્યવહાર**
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
**Mo. : 9313706095**
**magazine@swaminarayan.in**
**www.swaminarayan.in**

એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in
**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | દશાવતાર સ્તોત્ર | ૦૬ |
| ૦૪. | મોરમુગટ | ૦૮ |
| ૦૫. | શ્રીકૃષ્ણાર્પણ..... | ૧૦ |
| ૦૬. | ઉત્તમ સંતાનો માટે શાસ્ત્ર કથન | ૧૩ |
| ૦૭. | સેવા-પરમધર્મ | ૧૫ |
| ૦૮. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૬ |
| ૦૯. | સત્સંગ બાલવાટિકા | ૧૮ |
| ૧૦. | ભક્તિ સુધા | ૨૦ |
| ૧૧. | સત્સંગ સમાચાર | ૨૪ |

# अस्मदीयम्


અનન્ત પ્રકારના દુઃખો કષ્ટો સંકટોથી છૂટવા માટે જીવાત્માને ભગવાનનું સ્મરણ જ માત્ર એક ઉપાય છે. એટલાં માટે જ ભગવાન શ્રીહરિ સદા સર્વ ભક્તોને અખંડ ભગવાનની સ્મૃતિ રહે તે માટે કથા વાર્તા અને સત્સંગ દિવસમાં પાંચ વખત હંમેશા કરતાં અને તેથી પણ વિશેષ મોટા મોટા ઉત્સવ સમૈયા કરતાં અને કરાવતાં જેથી તે ઉત્સવ સમૈયામાં કોઈ પણ જ્ઞાની અજ્ઞાની જીવ ભૂલથી પણ આવી જાય તો તેના હૃદયમાં તેની સ્મૃતિ અંકિત થઈ જતી. પછી કાળાન્તરે પણ તે સ્મૃતિ જ્યારે પણ થાય ત્યારે તે સમૈયામાં જોયેલ સર્વ વાતો યાદ આવી જાય અને તેની સાથે ભગવાનના ભક્તો, સંતો મહાપુરૂષો યાદ આવે અને તેમની વાતો વર્તન યાદ આવે. તેમાંથી જો ભગવાનની વાતે કરીને શ્રીહરિની મૂર્તિની સ્મૃતિ થઈ જાય તો તેના આત્માને આત્યન્તિક મહામોક્ષની પ્રાપ્તિ થાય છે. એટલાં માટે જ શ્રીહરિ કહે છે કે અમે સમૈયા ઉત્સવો કરીએ છીએ.


આપણા જીવનમાં પણ જો આવા મોટા સમૈયા ઉત્સવનો શુભ યોગ આવી જાય તો તેનો ખરેખર મહિમા સમજીને હૃદયથી તન, મન, ધનથી લ્હાવો લેવાની તત્પરતા સદા રાખીને તેના માટે તૈયાર રહેવું અત્યન્ત જરૂરી છે. સમગ્ર વિશ્વમાં વ્યાપેલ વર્તમાન સંકટને પાર ઉતરીને બસો વર્ષ પહેલાં સર્વાવતારી ભગવાન શ્રીહરિએ બાથમાં લઈને પ્રાણ પ્રતિષ્ઠિત કરેલાં ભગવાન શ્રી નરનારાયણાદિ દેવોનો દ્વિશતાબ્દી મહામહોત્સવ આવશે ત્યારે આપણાં હૃદય મનમાં જાણે સાક્ષાત્ શ્રીહરિ પોતાના અપર સ્વરૂપ એવા ધર્મવંશી આચાર્યના રૂપે આ સમૈયામાં દર્શન આપે છે, તેવી અલૌકિક ઝાંખી થાય તેવી શ્રદ્ધા ભક્તિ આપણા હૃદયમાં જાગૃત કરવાનો પ્રયાસ કરવાનું ચાલું કરી દઈએ અને તેમાં સફળતા શ્રી નરનારાયણદેવ આપે તેવી તેમનાં શ્રીચરણોમાં પ્રાર્થના સાથે જયશ્રી સ્વામિનારાયણ.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
**શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના**
**જયશ્રી સ્વામિનારાયણ**



# પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની
# તવારીખ





# दशावतार स्तोत्र

- શાસ્ત્રી નિર્ગુણદાસજી
(મહંત સ્વામી, કાલુપુર, અમદાવાદ)

॥ द्रुतविलम्बितवृत्तम् ॥

प्रथमतः शकुलाकृतिरादधे श्रुतिगणोधरणाय धरातले ॥
पटुतरासुरसंघ विनाशिने भुवि भजे हरिकृष्णमहं हृदि ॥१॥
सपदि येन नवातिशितैर्नखैरसुरराडदितिजः प्रतिचस्करे ॥
तदुरसोऽतिविधाय विदारणं भुवि भजे हरिकृष्णमहं हृदि ॥२॥
अतुलमन्दरभृत्कमठाकृतिस्तिलमिवाथ दधे धरणीतलम् ॥
सगिरियेन लसद्दशनांचले भुवि भजे हरिकृष्णमहं हृदि ॥३॥
त्रिपदमात्रमितक्षितियाचनं छलतया वरवामनरुपिणि ॥
छलयितु बलिमेव तनुर्धृता भुवि भजे हरिकृष्णमहं हृदि ॥४॥
धृतशरासनराजकुलं कुले भुवि भृगोरवतीर्य समूलतः ॥
परशुभृद्वपुषा निधनीकृतं भुवि भजे हरिकृष्णमहं हृदि ॥५॥
क्षितिसुतापतिदाशरथिर्भवन् पृथुतरं प्रविलंध्य पयोनिधिम् ॥
दशमुखं बिभिदे किललीलया भुवि भजे हरिकृष्णमहं हृदि ॥६॥
प्रबलकंसकुलं बिभिदे भृशं गिरिधरो वसुदेवसुतोऽथ यः ॥
जनितमात्रजनातिदयोदधिः भुवि भजे हरिकृष्णमहं हृदि ॥७॥
असुरसंघविमोहनकारकः सकरुणोऽथ कलेरवसानके ॥
अखिलपापिविनाशवित्ताश्च यो भुवि भजे हरिकृष्णमहं हृदि ॥८॥

॥ इति दीनानाथ भट्ट रचित दशावतारस्तोत्रम् ॥

ભગવાન શ્રીહરિ સ્વામિનારાયણ મનુષ્ય શરીર ધારણ કરીને પૃથ્વી ઉપર વિચરણ કરતા હતા ત્યારે અનેક જીવોને પોતાના દિવ્ય સ્વરૂપનો નિશ્ચય કરાવવા માટે કોઈને સમાધિમાં તો કોઈને પ્રત્યક્ષપણે પૂર્વમાં પોતે ધારણ કરેલાં અવતારોના દર્શન કરાવતા હતા તે પ્રમાણે મહાન પંડિત દીનાનાથ ભટ્ટને જેવા દશ અવતાર સ્વરૂપે દર્શન થયા તેની સ્તુતિ તેમણે ભગવાન શ્રીહરિકૃષ્ણના રૂપની કરી છે. આ અષ્ટકમાં સ્તુતિમાં તેના અર્થ વિચારીએ-

**પ્રથમતઃ શકુલાકૃતિરાદધે શ્રુતિગણોધરણાય ધરાતલે ॥**

**પટુતરાસુરસંઘ વિનાશિને ભુવિ ભજે હરિકૃષ્ણમહં હૃદિ ॥૧॥**

કલ્પના અન્તમાં સત્યવ્રત નામના રાજા અને ઋષિમુનિઓ તેમજ વેદોનો ઉદ્ધાર કરવા માટે માહા મત્સ્યનું રૂપ માછલીનું રૂપ ધારણ કરીને હયગ્રીવ નામના અસુરનો વિનાશ કરીને ઋષિમુનિઓ વેદો અને રાજાનું રક્ષણ કરનારા એવા આ કળિયુગમાં મનુષ્ય માત્રને ભુવિ ઉપર પૃથ્વી ઉપર ભજન ઉપાસના ભક્તિ કરવા યોગ્ય મારા ઈષ્ટદેવ પરમાત્મા ભગવાન શ્રીહરિકૃષ્ણ શ્રી સ્વામિનારાયણ જ છે તેમનું હું મારા હૃદયમાં ભજન કરૂં છું. (૧)

**સપદિ યેન નવાતિશિતૈર્નખૈરસુરરાડદિતિજઃ પ્રતિચસ્કરે ॥**

**તદુરસોઽતિવિધાય વિદારણં ભુવિ ભજે હરિકૃષ્ણમહં હૃદિ ॥૨॥**

દિતિ પુત્ર અસુરોના રાજા હિરણ્યકશિપુએ અતિ પોતાના ભક્ત પ્રહલાદને દુઃખ આપ્યું ત્યારે સ્થંભમાંથી વિકરાળ નૃસિંહા કૃતિ ધારણ કરીને પ્રગટ થઈને અસુરના બધા વરદાનોનું સ્મરણ કરાવીને પોતાના સાથળ ઉપર રાખીને અતિ તિક્ષ્ણ નખોથી તેના હૃદયને ચીરી નાખીને વિનાશ કરનારા અને જગતનું અસુરના ત્રાસથી રક્ષણ કરનારા એવા આ કળિયુગમાં મનુષ્ય માત્રને ભુવિ ઉપર પૃથ્વી ઉપર ભજન ઉપાસના ભક્તિ કરવા યોગ્ય મારા

ઈષ્ટદેવ પરમાત્મા ભગવાન શ્રીહરિકૃષ્ણ શ્રી સ્વામિનારાયણ જ છે તેમનું હું મારા હૃદયમાં ભજન કરૂં છું. (૨)

**અતુલમન્દરભૃત્કમઠાકૃતિસ્તિલમિવાથ દધે ધરણીતલમ્ ॥**
**સગિરિયેન લસદ્દશનાંચલે ભુવિ ભજે હરિકૃષ્ણમહં હૃદિ ॥૩॥**

દેવો અને દાનવોને અમર થવા માટે સમુદ્રના તળમાં રહેલાં અમૃત મેળવવા માટે સમુદ્ર મંથન અતિ વિશાળ અને ભારી ભરખમ એવા મંદરાચળ પર્વતને લાવીને મંથન કાર્ય શરૂ કર્યું તે પર્વત રસાતળમાં જવા માંડ્યો ત્યારે પોતાના ભક્ત એવા દેવોનું કાર્ય સિદ્ધ કરવા માટે કઠોર પીઠવાળું કાચબાનું રૂપ ધારણ કરીને પોતાની પીઠ ઉપર મહાન પર્વત મંદરાચળને ધારણ કરી રાખનારા એવા આ કળિયુગમાં મનુષ્ય માત્રને ભુવિ ઉપર પૃથ્વી ઉપર ભજન ઉપાસના ભક્તિ કરવા યોગ્ય મારા ઈષ્ટદેવ પરમાત્મા ભગવાન શ્રીહરિકૃષ્ણ શ્રી સ્વામિનારાયણ જ છે તેમનું હું મારા હૃદયમાં ભજન કરૂં છું. (૩)

**ત્રિપદમાત્રમિતક્ષિતિયાચનં છલતયા વરવામનરૂપિણી ॥**
**છલયિતું બલિમેવ તનુર્ધૃતા ભુવિ ભજે હરિકૃષ્ણમહં હૃદિ ॥૪॥**

પોતાના જ ભક્ત અસુરોના રાજા બલીની પાસે છળકપટથી માત્ર ત્રણ પગલા પૃથ્વીની યાચના કરીને ત્રિલોકીનું રાજ્ય ઈન્દ્રાદિ દેવોને આપીને સુખી કરનારા શ્રેષ્ઠ બટુકનું વામનનું રૂપ ધારણ કરનારા એવા આ કળિયુગમાં મનુષ્ય માત્રને ભુવિ ઉપર પૃથ્વી ઉપર ભજન ઉપાસના ભક્તિ કરવા યોગ્ય મારા ઈષ્ટદેવ પરમાત્મા ભગવાન શ્રીહરિકૃષ્ણ શ્રી સ્વામિનારાયણ જ છે તેમનું હું મારા હૃદયમાં ભજન કરૂં છું. (૪)

**ધૃતશરાસનરાજકુલં કુલે ભુવિ ભૃગોરવતીર્ય સમૂલતઃ ॥**
**પરશુભૃદ્વપુષા નિધનીકૃતં ભુવિ ભજે હરિકૃષ્ણમહં હૃદિ ॥૫॥**

પ્રજાનું શાસન કરનારા રાજાઓ ક્ષત્રિયોમાં જ્યારે અતિ અહંકાર અને ઉચ્છ્રૃંખલતા આવી ગઈ ત્યારે ભૃગુકુલમાં પ્રગટ થઈને હાથમાં ફરશી કુવાડો ધારણ કરીને કાર્તવીર્ય સહસ્રાર્જુન રાજાનો અને એકવીસ વખત આવા શાસકો ક્ષત્રિયોનો મૂળ સહિત વિનાશ કરનારા એવા આ કળિયુગમાં મનુષ્ય માત્રને ભૂવિ ઉપર પૃથ્વી ઉપર ભજન ઉપાસના ભક્તિ કરવા યોગ્ય મારા ઈષ્ટ દેવ પરમાત્મા ભગવાન શ્રીહરિકૃષ્ણ શ્રી સ્વામિનારાયણ જ છે તેમનું હું મારા હૃદયમાં ભજન કરૂં છું. (૫)

**ક્ષિતિસુતાપતિદાશરથિર્ભવન્ પૃથુતરં પ્રવિલંઘ્ય પયોનિધિમ્ ॥**
**દશમુખં બિભિદે કિલલીલયા ભુવિ ભજે હરિકૃષ્ણમહં હૃદિ ॥૬॥**

પૃથ્વીમાંથી પ્રગટેલાં જનક નન્દિની જાનકી સીતાજીના પતિ મર્યાદા પુરૂષોત્તમરામ સ્વરૂપે મહારાજા દશરથના રાજમહેલમાં પ્રગટ થઈને વિશાળ સાગરને ઉલ્લંઘન કરીને અત્યન્ત શક્તિશાળી દશ માથાવાળા રાવણનો લીલા માત્રમાં જેમ બાળકો રમત રમતા હોય તેવી રીતે રમતાં રમતાં વિનાશ કરનારા એવા આ કળિયુગમાં મનુષ્ય માત્રને ર્ભુવિ ઉપર પૃથ્વી ઉપર ભજન ઉપાસના ભક્તિ કરવા યોગ્ય મારા ઈષ્ટ દેવ પરમાત્મા ભગવાન શ્રીહરિકૃષ્ણ શ્રી સ્વામિનારાયણ જ છે તેમનું હું મારા હૃદયમાં ભજન કરૂં છું. (૬)

**પ્રબલકંસકુલં બિભિદે ભૃશં ગિરિધરો વસુ દેવસુતોઽથ યઃ ॥**
**જનિતમાત્રજનાતિદયોદધિઃ ભુવિ ભજે હરિકૃષ્ણમહં હૃદિ ॥૭॥**

જગતના જીવ માત્ર ઉપર દયા સાગર એવી કરૂણાવાળા વસુદેવજીના પુત્રરૂપે પ્રગટ થઈને ગોવર્ધન પર્વતને પોતાની એક આંગળી ઉપર ધારણ કરનારા પ્રબળ મહાન બળવાન કંસનો કુળ સહિત વિનાશ કરીને વારંવાર જગતનું રક્ષણ કરનારા એવા આ કળિયુગમાં મનુષ્ય માત્રને ર્ભુવિ ઉપર પૃથ્વી ઉપર ભજન ઉપાસના ભક્તિ કરવા યોગ્ય મારા ઈષ્ટ દેવ પરમાત્મા ભગવાન શ્રીહરિકૃષ્ણ શ્રી સ્વામિનારાયણ જ છે તેમનું હું મારા હૃદયમાં ભજન કરૂં છું. (૭)

**અસુરસંઘવિમોહનકારકઃ સકરૂણોઽથ કલેરવસાનકે ॥**
**અખિલપાપિવિનાશવિત્તાશ્ચ યો ભુવિ ભજે હરિકૃષ્ણમહં હૃદિ ॥૮॥**

મહા ભયાનક કળિયુગના બળવાન આસુરી વૃત્તિવાળા દુષ્ટકર્મ કરવાવાળા અસુરોના સમુદાયને પોતાના ચરિત્રથી મોહ ભ્રમ ઉત્પન્ન કરવા વાળા અને ભક્તો ઉપર કરૂણાવાળા સમગ્ર પાપીઓ જીવ હિંસા અભક્ષ્યનું ભક્ષણ કરનારાનો વિનાશ કેવી રીતે કરવો તેના ઉપાયને જાણીને તેનો નાશ કરનારા એવા આ કળિયુગમાં મનુષ્ય માત્રને ર્ભુવિ ઉપર પૃથ્વી ઉપર ભજન ઉપાસના ભક્તિ કરવા યોગ્ય મારા ઈષ્ટદેવ પરમાત્મા ભગવાન શ્રીહરિકૃષ્ણ શ્રી સ્વામિનારાયણ જ છે તેમનું હું મારા હૃદયમાં ભજન કરૂં છું. (૮)



# મોર મુગટ

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રીરામ-લક્ષ્મણ-જાનકીજી ચૌદ વર્ષ વનવાસમાં વિચરણ કરતા કરતા નદી, પર્વત, જંગલ, અરણ્યમાંથી પસાર થઈ રહ્યા હતા. ભગવાનનું અવતરણ ભક્તોના કલ્યાણને અર્થે જ હોય એટલે જે જે મુમુક્ષુઓ જન્મોજન્માન્તરથી પરમાત્માની પ્રતિક્ષા કરી રહ્યા હતા તેવા મુક્તો-ભક્તો-પતિતને પાવન કરવા અને દર્શન દાન આપવા સાથે સાથે જેને જેવી મનોકામનાના સંકલ્પ પૂર્ણ કરવાના હોય અથવા પૂર્વે ભગવાન ભગવાનના અવતર-ઋષિ-મુનિ-સંત-દેવ-સતી-નદી-ગૌમાતાઓ વડે વરદાનો મળ્યા હોય તે સર્વેનો ફેંસલો આપવા શ્રીહરિ દશરથનંદન રઘુકુલમણી શ્રીરામ તથા શ્રીરામાનુજ લક્ષ્મણજી તથા જગતજનની જગદંબા જાનકીજી આ ત્રણેય પરમતત્વો વડે જેને જેને જેના વડે મનોકામના પૂર્તિનો અવકાશ હોય તે તે સ્વરૂપ વડે તેને ભક્ત પુરુષો કોઈ દેવ-ઋષિ-મુનિ,મનુષ્ય સહિત કોઈ પશુ, પક્ષી કીટ-પતંગ-વન-વેલી-વૃક્ષ-લતા જેવા પ્રારબ્ધ અનુસાર દેહમાં રહ્યા ભક્ત આત્માઓને શોધતા શોધતા એક પછી એક દેશ દેશાંતરના વિસ્તારમાંથી પસાર થઈ રહ્યા હતા. જે સ્થળમાં જેવી જેટલી સમય-સંજોગની આવશ્યકતા હોય ત્યાં તેટલો સમય નિવાસ કરીને કલ્યાણના કોલને પૂર્ણ કરી રહ્યા હતા.

તેવા સમયમાં એક વિકટ જલહિન-વૃક્ષહિન-અરણ્યને પાર કરતા કરતા ઘણો દીર્ઘ સમય વિતી ગયો. ગ્રીષ્મ ઋતુનો સમય હતો અન્ન-જળ વિનાના કેટલાક દિવસો વિતી જતા જગત જનની જગદંબા જનકસુતા જાનકીજીને અતિ તૃષા લાગતા ચાલવા અસમર્થ બન્યા. તેથી ત્યાં એક વૃક્ષની છાયા નીચે બેસી ગયા. શ્રીહરિને પ્રાર્થના કરી હે મારા નાથ ! જલ વિના મારા પ્રાણ દેહમાં રહશે નહિ. હવે તો આ કષ્ટ સહન થતું નથી. કાં તો પ્રભુ ! જલ લાવી આપો. અને કાંતો આ દેહમાંથી મુક્તિ આપો. શ્રીરામ લક્ષ્મણજીને પણ અતિ તરસ લાગી હતી છતા આત્મનિષ્ઠાએ કરીને સહન કરી રહ્યા હતા. પણ જાનકીજીની આવી દયનીય સ્થિતિ જોઈ ભગવાન શ્રીરામે એવી એક દિવ્ય લીલા કરી, કે આકાશ સામી નજર કરીને બોલ્યા : હે પ્રકૃતિ માયા ! તમને વિનંતી કરું છું કે અમને અહિં નિકટમાં કોઈ જલ નીર હોય તો સંદેશ આપો. શ્રીરામ સર્વ શક્તિઓના સ્વામી હોવા છતાં મનુષ્ય લીલાને કરતા શ્રી ભગવાનની આજ્ઞાથી સેવામાં સ્વયં પ્રકૃતિ મોરનું રુપ ધારણ કરીને તત્કાળ પ્રગટ થયા. તેને વાચા આવી નતમસ્તકે મોર રુપે ભૂદેવી બોલ્યા કે હે પ્રભુ ! અહીં થોડા જ નજીકમાં જલયુક્ત સરોવર છે. તમે મારી પાછળ પાછળ પધારો તમને હું તે જલ સરોવર સુધી લઈ જાઉં. પણ પ્રભુ આપની ગતિ અને મારી ગતિમાં અંતર છે. એટલે કદાચ રસ્તો ભુલાઈ જવાની શક્યતા રહી તો હું આપને માર્ગ નિર્દેશ-સૂચનને અર્થે થોડા થોડા અંતરે મારા પીંછ રસ્તામાં મુક્તો જાઉ છું. તેનું અનુસંધાન રાખીને આપ પધારો. એમ કહેતાની સાથે મોરે ઉડાન ભરી અને પોતાના એક એક પીંછનો ત્યાગ કરતા કરતા જાણે મોર પીંછની ચાદરનો માર્ગ બની ગયો અને જલાશય સુધીમાં તો તેને પોતાની પાંખના તમામ પંખનો ત્યાગ કરી દીધો. શ્રીહરિ ધીમે ધીમે પંખના આધારે આધારે જલાશય સુધી પહોંચી ગયા. બહુ મધુર શીતળ જલનું શ્રીરામ લક્ષ્મણ જાનકીજીએ જલપાન કર્યું. અને જાણે દેહમાં ચેતના પ્રગટ થઈ. આત્માના અવાજથી પરમાત્મા દૈવી મોર પર પ્રસન્ન થયા અને બોલ્યા કે, હે પ્રિય મોર ! તેં અમારા ત્રણેયની જીંદગી બચાવવા સંકટના ખરા સમયે અમને ખૂબ જ મદદ કરી. આજ અમે જીવન-મરણથી ખૂબજ નજીક પહોંચી ગયા હતા. તારી સેવાથી અમને જીવનદાન મળ્યું છે. અમે તારો ક્યારેય પણ ઉપકાર નહિ ભૂલીએ. તારું અમારા ઉપર ઉપકારનું ઋણ ક્યાં જન્મે ચૂકવીશું ?

તેં અમારી જીંદગી બચાવવા તારા પ્રાણપ્રિય પીંછનો ત્યાગ કરીને તારા મૃત્યુને તેં સ્વીકારી લીધું. હું જાણું છે કે, મોરના પીંછને છોડવાની ત્યાગ કરવાની એક મોસમ-સિઝન સમય હોય છે. તે વિના જો મોર પીંછનો ત્યાગ કરે તો તેનું મૃત્યુ નજીક જ હોય છે. તેં અમને બચાવવા તારા જીવનનું બલિદાન આપ્યુ છે. હવે આ જન્મે તેનો બદલો આપી શકુ તેમ નથી પરંતુ આવતા બીજા જન્મ-અવતાર મારો થશે (કૃષ્ણાવતાર ધારણ કરીશ) ત્યારે તારા પીંછને મારા સર્વ શણગારોથી શ્રેષ્ઠ ઉપર આભૂષણોનું આભૂષણ શણગારોની શોભામાં સર્વથી ઉપર મારા મસ્તક ઉપર મોર મુગટ મોર પીંછ ધારણ કરીશ અને દિવસ-રાત ઘર-બહાર તેને સાથે જ રાખીશ. ‘‘હે મોર ! જા તને આવું વરદાન આપું છું.’’

ત્યારે મોર બોલ્યો કે, હે પ્રભુ ! મને આપના સ્વરૂપમાં પ્રથમ દર્શનથી જગતના પાલક સર્વ કર્તા હર્તા માલિક નિયંતાના દર્શન થયા હતા. હું મારા જીવનમાં ધન્યતા અનુભવું છું કે આખા જગતને જલ અને જીવન આપે તે શ્રીહરિ મારે પાસે જલ માગે તે મારા અતિ બડા અહોભાગ્ય છે. તે હું જાણું છું. મને આપે અદ્‌ભુત સેવાનો મોકો-તક આપી આથી એજ મારા સદ્‌ભાગ્ય છે. એવું બોલતા બોલતા પીંછ હિન મોરનું મૃત્યુ નિકટ આવ્યું. શ્રીરામના સાનિધ્યમાં ભક્તરાજ મોરે પ્રાણનો ત્યાગ કર્યો અને મોટા યોગી-મુનિ-સાધકને પણ દુર્લભ એવી પરમગતિને પ્રાપ્ત કરી.

જ્યારે ભગવાને દ્વાપર યુગના અંતમાં કૃષ્ણાવતાર ધારણ કર્યો ત્યારે રામાવતારમાં આપેલા મોરના વરદાન કૃપાને અંગીકાર કરીને પ્રિય શણગારમાં અતિ પ્રિય શ્રેષ્ઠ શણગાર તરીકેનું બિરુદ આપીને સદાય શ્રીકૃષ્ણ મસ્તક ઉપર ધારણ કરતા. તથા મોર-મુકુટ ધારણ કરતા. અસંખ્ય કવિઓ-લેખકો-ભક્તોએ સ્વરચનાઓમાં મોરપીંછનું અતિશય વર્ણન કરેલ છે. એવા કોઈ ભજન-રચના-પદ ન હોય કે જેમાં મોરપીંછનો ઉલ્લેખ ન હોય તથા અલંકારોમાં શ્રેષ્ઠ અલંકારમાં મોરને સ્થાન-શણગારોમાં ઉત્તમ સ્થાન મોરપીંછના રંગ આકારને આપેલા છે.

ભગવાન આ લોકમાં જ્યારે જ્યારે પ્રગટ થાય છે ત્યારે ત્યારે ભક્તની સેવા અંગીકાર કરવા માટેનો હેતુ હોય છે. ભગવાન ક્યારેય પણ ભક્તની નાની એવી પણ સેવાને ભૂલી જતા નથી. ભલેને યુગોના યુગો વિતી ગયા હોય. કલ્પોના કલ્પો ચાલ્યા ગયા હોય પરંતુ ભગવાન તે ભક્તની સેવાનું વળતર આપે જ છે.

પરમાત્માની અદ્‌ભુત ચિત્ર-વિચિત્ર રચના મોરની રચનામાં ભગવાન બ્રહ્માએ ખૂબજ સમય-સંપત્તિ-આપીને તેમા રુપ-ગુણ-રંગ-સંસ્કાર-પવિત્રતા-આકાર-સદ્‌ગુણો જેવાનો શુભ શ્રેષ્ઠ સમન્વય જોવા મળે છે. જગતની સમસ્ત સૃષ્ટિને પ્રિય મધુર લાગે એવી રચના કરેલ છે. તેમા વળી ભગવાન શ્રીરામ-લક્ષ્મણ-જાનકીના અંતરના આશીર્વાદ મળ્યા પછી તો જગપ્રસિધ્ધિ મળે જ. અને સનાતન આદિ સંસ્કૃતિનો વારસદાર ભોમકા-ભારત દેશનું રાષ્ટ્રીય પક્ષી તરીકેનું પદ-સન્માન-પ્રતિષ્ઠા મળવાનું કારણ તો માત્ર શ્રીરામ ને શ્રીકૃષ્ણની કૃપા.

હાલના અતિ આધુનિક યુગમાં મોરને ભલે ઘરે રાખી શકતા નથી. પણ તેના પીંછને પવિત્રતા-સ્વચ્છતા-સાત્વિકતાના નિમિત્તે તન-મન-ધન-સુખ-શાંતિ-સમૃદ્ધિના ઉપયોગમાં મોરપીંછના ગુણોને પ્રાચીન અને અર્વાચીન યુગના વિદ્વાનો તેનો પ્રચાર પ્રસાર સહિત સ્વીકાર કરે છે.

**શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર કોઠાર ઓફિસ**
**થાળ - ભેટ - રસોઈ તથા અન્ય માહિતી માટે**
**Mo. No. : 82380 01666**
**WhatSapp No. : 99099 67104**



# શ્રી કૃષ્ણાર્પણ

- પ્રો. હિતેન્દ્રભાઈ નારણભાઈ પટેલ (અમદાવાદ)

શ્રી સ્વામિનારાયણ ભગવાનના હજુરી એવા નૈષ્ઠિક બ્રહ્મચારી શ્રી મુળજી બ્રહ્મચારીએ (એટલે કે શ્રી મુકુંદાનંદ વર્ણી) તેમની પોતાની ગરાસની જમીન, સ્વામીશ્રી સહજાનંદજીના નામ જોગ શ્રીકૃષ્ણાર્પણ આપેલ તે મૂળ અસલ પત્ર-ખત અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં પ.પૂ.શ્રી મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ સર્વે હરિભક્તોના દર્શનાર્થે અર્પણ કર્યો તે આ મહાપ્રસાદીનું ખત ટૂંક સમયમાં જ સ્વામિનારાયણ મ્યુઝિમમાં સૌના દર્શનાર્થે મૂકવામાં આવશે. તે ખતની વિગતોની ટૂંકમાં ઝાંખી નીચે મુજબ છે.

- **આ ખત-દસ્તાવેજ ફાગણ વદ-૧ સંવત ૧૮૮૧ ના રોજનો છે.**
- **આ દસ્તાવેજથી મછીઆવ ગામની જમીન-ખેતર શ્રીકૃષ્ણાર્પણ કરી છે.**
- **મુળજી બ્રહ્મચારીએ પોતાના ગરાસનું ખેતર સ્વામી સહજાનંદજીના નામ જોગ કૃષ્ણાર્પણ કરેલ છે.**
- **આ દસ્તાવેજ લખનાર ઠક્કર લાધા રામજી શ્રી ગઢડાવાલા છે.**
- **આ દસ્તાવેજનું લખાણ સ્ટેમ્પ પેપર ઉપર છે. સરકારી ખજાનાનું ચાર આનાનું સ્ટેમ્પ પેપર છે.**
- **આ દસ્તાવેજની નોંધણી કરીને અંગ્રેજ અમલદારે તેની ઉપર નંબર નાખીને સહી કરી છે.**
- **આ દસ્તાવેજ દ્વારા એક વીઘાનું ખેતર બ્રહ્મચારી મહારાજે, સ્વામી સહજાનંદને કૃષ્ણાર્પણ કર્યું છે.**

**વિવરણ :**

સર્વે બ્રહ્મચારીઓમાં શિરોમણી, અખંડ આજીવન પર્યંત નૈષ્ઠિક બ્રહ્મચર્ય વ્રત ધારણ કરનાર, શ્રીહરિના હજુરી સેવક એવા આ સિધ્ધદશાવાળા સેવક મહા ભક્તરાજનો જન્મ સં. ૧૮૨૨ માં મછિયાવ ગામમાં પવિત્ર ઔદિચ્ય બ્રાહ્મણ કુટુંબમાં થયો. તેમનું પૂર્વાશ્રમનું નામ મુળજી હતું. શ્રીહરિએ તેમને મહાદીક્ષા આપીને તેમનું મુકુદાનંદ વર્ણી એવું નામાભિધાન કર્યું.

નંદમાળામાં મંજુકેશાનંદ સ્વામી લખે છે કે,

**મુકુંદાનંદ મોટા બ્રહ્મચારી,**
**મારૂતિ આપ થયા તનુધારી ।**
**જેણે કરી સેવા સ્વામીની પ્રીતે,**
**રહ્યા હરિ આગે હાજર શુભરીતે ॥**

આ મુળજી બ્રહ્મચારી હનુમાનજીનો અવતાર હતા એવો ઘણે ઠેકાણે આ પ્રમાણે ઉલ્લેખ છે. શ્રીહરિ અને બ્રહ્મચારીનું ચિર સ્મરણ રહે તે હેતુથી ગઢડામાં શ્રી ગોપીનાથજી મહારાજ અને તેમના સેવક તરીકે હનુમાનજીની મૂર્તિ પધરાવી તે વખતે શ્રીહરિએ કહ્યું કે, હનુમાનજી નૈષ્ઠિકવ્રતધારી છે અને અમારા સેવક છે. તેમ આ ગોપીનાથજી મારું સ્વરૂપ છે અને આ હનુમાનજી તે મુળજી બ્રહ્મચારીનું સ્વરૂપ છે.

આ મહામુક્ત મુળજી બ્રહ્મચારીને શ્રીહરિએ માળા આપીને કહ્યું કે, કોઈ સુપાત્ર જીવને આ માળા અડકાડજો તેથી તેને સમાધિ થશે. તે પ્રતાપે કરીને બ્રહ્મચારીએ અનેકને સમાધિ સુખ આપ્યું. એક વખત પોતાને ગામ મછીઆવમાં એક હરિભક્તને આમ સમાધિ કરાવી અને પછી તેમને અચાનક કામ પ્રસંગે ગઢડા જવાનું થયું. તેથી બ્રહ્મચારીજી તત્કાળ જવાને તૈયાર થયા. ત્યારે ગામધણીએ તેમને કહ્યું કે આને સમાધિ ઉતરે પછી જ જાવ. પણ શ્રીહરિની આજ્ઞા હોવાથી બ્રહ્મચારી રોકાયા નહિ અને ગઢડે જવા નીકળી ગયા તેથી ગામધણીએ ગુસ્સે ભરાઈને, બ્રહ્મચારીના ઘર ખોરડાં અને જમીન-ખેતર જપ્ત કરીને લઈ લીધાં. પરંતુ ત્યાર બાદ વરસાદની ઋતુમાં બધે જ વરસાદ થયો પણ મછીઆવમાં બિલકુલ

ન જ થયો. એટલે ગામલોકોએ ગામધણીને સમજાવીને જણાવ્યું કે તમે બ્રહ્મચારીનો દ્રોહ કર્યો છે તેથી આ દુઃખ થયું છે. ત્યારે ગામધણી દરબાર અને સૌ ગામ લોકોએ બ્રહ્મચારીને પાછા તેડાવીને તેમનું ખૂબ સન્માન કર્યું. અને તુરંત જ ધોધમાર વરસાદ થયો. ગામધણીએ તેમના ઘર-ખોરડા, જમીન-ખેતર વિગેરે તેમને પાછી સોંપી અને ગામમાં જ રહેવા આગ્રહ કર્યો. પણ બ્રહ્મચારીને તો શ્રીજી જોડે ગઢડે રહેવું હતું તેથી તે જમીન શ્રી સહજાનંદ સ્વામીને શ્રીકૃષ્ણાર્પણ કરી દીધી. તે આ જમીનનો લેખ અત્રે છે.

શ્રીહરિએ જ્યારે બધા સંતોની જોડ બાંધી ત્યારે કહ્યું કે, મારી જોડમાં આ મુળજી બ્રહ્મચારી, તે સહજાનંદ-મુળાનંદની જોડ જાણજ્યો. શ્રીહરિની મહાપૂજાના દ્વિતીય આવરણમાં પ્રથમ મૂળજી બ્રહ્મચારીનું સ્થાપન કરવામાં આવે છે. શિક્ષાપત્રી શ્લોક-૪ માં પણ નૈષ્ઠિક બ્રહ્મચારી તરીકે તેમનો ઉલ્લેખ છે. વચનામૃત મહાગ્રંથમાં તેમણે પ્રશ્ન પૂછેલો નથી પણ અનેક ઠેકાણે તેમનો ઉલ્લેખ છે.

**ગ.અ.-૨૬ :** આ મુળજી બ્રહ્મચારી જેવા જે હોય તેને સ્ત્રીધનાદિકનો યોગ થાય તો પણ તે ડગે નહિ.

**ગ.મ.-૫૨ :** આ મુકુંદ બ્રહ્મચારી અને રતનજી એ બે મુંઝાતા નથી. તેથી અમારે તેમની સાથે ઘણું બને છે.

**ગ.મ.-૪૭ :** જેમ અમારી ચાકરી મુળજી બ્રહ્મચારી મહાત્મ્ય જાણીને કરે છે તેમ અમે પણ બ્રહ્મચારીનું મહાત્મ્ય જાણીએ છીએ.

**કારીયાણી-૬ :** અમારા સ્વભાવને તો મુળજી બ્રહ્મચારી આદિક જે હરિજન છે તે કેટલાક વર્ષથી અમારી પાસે ને પાસે રહે છે તે જાણે છે.

**અમદાવાદ-૩ :** મુળજી બ્રહ્મચારી અને રતનજી એ અતિશય ક્યાં ડાહ્યા છે ? પણ કલ્યાણનો ખપ અતિશય છે માટે ભગવાન જેમ રાજી થાય તેમ એમને કરતાં આવડે ખરું.

આવા મહાન વર્ણીરાજની પોતાની અંગત જમીનનો દસ્તાવેજ મ્યુઝિયમમાં સચવાઈ રહેલ છે તે આ સંપ્રદાયનું અહોભાગ્ય છે અને એટલે જ લાખો હરિભક્તો, સંત મહંતો મોટા મહારાજશ્રીની સાચવણી અને તેમની દીર્ઘ દ્રષ્ટિને કોટી કોટી વંદન કરે છે.

સ્વામી સહજાનંદજી મહારાજના નામ જોગ કૃષ્ણાર્પણ કરાયેલ જમીન-મિલ્કતના બહુ જુજ દસ્તાવેજ સંપ્રદાયમાં તેના મૂળ સ્વરૂપમાં મોજુદ છે. આ દસ્તાવેજ ખત તે વખતના ચાર આનાના સરકારી સ્ટેમ્પ પેપર છે તેથી તેની વિશ્વસનીયતા વધી જાય છે. વળી તે દસ્તાવેજની નોંધણી કરીને જે તે અંગ્રેજ અમલદારે તેની ઉપર સહી કરીને નંબર પણ પાડેલ છે. આ દસ્તાવેજ લખનાર ઠક્કર લાધા રામજી છે કે જેઓ શ્રીહરિના પત્રવ્યવહારનું તમામ કામકાજ કરતા તે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ ઠક્કર લાધા રામજીએ દેશવિભાગનો લેખ જ્યારે થયેલો ત્યારે તેમાં તેઓએ સાક્ષી તરીકે સહી કરી છે. આવા વિશ્વાસુ કારભારી દ્વારા લખાયેલ આ ખત વર્ણીરાજ બ્રહ્મચારીજીએ કૃષ્ણાર્પણ કરેલી જમીન અને તે પણ સ્વામી સહજાનંદના નામ જોગ, સરકારી સ્ટેમ્પ પેપર ઉપર, નોંધણી અમલદારના સહી, નંબર સાથે આ બધું આ ખતની અદ્વિતિયતા, વિશ્વસનીયતા અને મહત્તા બતાવે છે.

સૌથી મહત્વની બાબત એ છે કે, લેખની નીચે આપનારની સહી તો જોઈએ ને ? તો, અહીં તો બ્રહ્મચારી મહારાજ સંપૂર્ણ નિરક્ષર હતા. તેથી મતુ (સહી) કરવાની જગ્યાએ તેમણે તેમના બ્રહ્મચર્યના તેજની સાક્ષીરૂપ જનોઈની ત્રણ લીટી દોરી. કારણ કે જનોઈની ત્રણ સેરમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની હાજરી છે અને દસ્તાવેજ લખનારે લખ્યું કે એંધાણ (નિશાની) જનોઈનું ધણીનું (જમીન માલિકનું) કરેલ છે !! નૈષ્ઠિક બ્રહ્મચારીનું બ્રહ્મતેજ શું છે, તેની જનોઈની મહત્તા શું છે તેનો આ તાદ્દશ પુરાવો છે. શુધ્ધ અને પવિત્ર બ્રાહ્મણ જ્યારે જનોઈને હાથમાં લઈને જે પણ કાંઈ બોલે છે તે શબ્દો પથ્થરની લકીર સમ બની જાય છે અને તે હંમેશા સત્ય થઈને જ રહે છે. સંપ્રદાયના ઈતિહાસમાં આવો અદ્વિતીય દસ્તાવેજ હાલમાં જોવા મળ્યો નથી. વળી તે ગામના ગામધણી બાપુએ પણ આજ પ્રમાણે નિરક્ષર હોવા છતાં પણ ગામધણી તરીકે પોતે આ દસ્તાવેજમાં સાક્ષીમાં નિશાની દોરીને આ ખતને સંમતિ આપેલ જણાય છે.

દસ્તાવેજના શબ્દોને ધ્યાનથી વાંચતા જણાય છે કે "...... તમને શ્રીકૃષ્ણાર્પણ શ્રી નરનારાઅણ સ્વામી અર્થે...." અર્થાત્ શ્રીહરિ-સહજાનંદ સ્વામી અને શ્રી નરનારાયણનું એકાત્મપણું છે. આ લેખ સં. ૧૮૮૧ ના ફાગણ વદ-૧ નો છે. ત્યારે અમદાવાદમાં શ્રી નરનારાયણદેવની પ્રતિષ્ઠા થઈ ગઈ હતી. ત્યારે

બ્રહ્મચારી મહારાજ 'સ્વામી સહજાનંદ જોગ' લખીને 'શ્રી નરનારાયણ સ્વામીને અર્થે' એમ લખે છે તેનું કારણ સ્પષ્ટ છે કે શ્રી નરનારાયણદેવ એ પંડે શ્રીજી મહારાજ પોતે જ છે એવું વચનામૃતગ્રંથમાં વારંવાર અનેક જગ્યાએ પ્રતિપાદન કરેલું છે. તે વખતે દરેક સંત હરિભક્તો પોતાની નિત્ય સેવા-પૂજામાં શ્રી નરનારાયણદેવની છાપની મૂર્તિ અચૂકપણે રાખતા હતા. અને એ નરનારાયણદેવ એ જ આ સહજાનંદ સ્વામી છે એવું દૃઢપણે માનતા હતા.

આ દસ્તાવેજમાં '.......... સલામી વિગેરે કશું ત્રિકાલ નથી' એવા શબ્દો વંચાય છે. ઘણા બીજા શબ્દો ઉકેલી-વાંચી શકાતા નથી. પણ આ લેખકને એવું જણાય છે કે તે જમીન ઉપર કોઈ બોજો, લાગત, અન્ય કોઈનું લેણું વિગેરે નહિ હોય તેમ દર્શાવનાર આ શબ્દો હશે. અર્થાત્ આ જમીન તદ્દન **Clear Title** વાળી છે તેમ દર્શાવેલ હશે. તે વખતના જૂના દસ્તાવેજની ભાષા ઉકેલવામાં તેટલી મારી અસમર્થતા છે.

સામાન્ય રીતે વ્યક્તિઓ પોતાની પાસે જે વધારાની માલમિલકત હોય તેનું દાનપુણ્ય કરતા હોય છે તે સારું જ છે, સમજી શકાય તેમ છે. પણ આ મહાપુરુષે નિર્લોભી વ્રતમાનને ચરિતાર્થ કરતાં, જે જમીન તેમના ઘરબાર વ્યવહારની આજીવિકાનું સાધન હતું તે પણ કૃષ્ણાર્પણ કરી દીધી અને સાધુ જીવનને મુઠ્ઠેરુ ઊંચું કરી જાણ્યું. આજે સત્તા, પદ, પ્રતિષ્ઠા અને અહમ્‌ને પોષવા માટે કરાતા દાનને બદલે એક અતિ ઉત્તમ ઉદાહરણ પુરુ પાડ્યું.

હનુમાનજી મહારાજ જેવી મેધાવી શક્તિ ધરાવનાર નૈષ્ઠિકવ્રતધારી આ મહાપુરુષે, અખિલ બ્રહ્માંડના આધાર એવા પરાત્પર પરમાત્માના નામ જોગ લેખ કર્યો હોય, શ્રીહરિના અંગત લહીઆએ તે લખ્યો હોય, સ્ટેમ્પ પેપર હોય, તેની ઉપર નોંધણી નંબર લખીને અંગ્રેજ અમલદારે સહી કરી હોય અને બ્રહ્મતેજના તણખા ઝરે એવી પવિત્ર જનોઈની સાખ હોય એવો આ અદ્વિતીય લેખ તેના મૂળ સ્વરૂપમાં પ.પૂ. મોટા મહારાજશ્રીએ આજે ૧૯૫ વર્ષ સુધી સાચવીને રાખ્યો છે અને હવે ભક્તજનોના દર્શનાર્થે તેમની અંગત તિજોરીમાંથી કાઢીને મ્યુઝિયમમાં અર્પણ કર્યો તે જ તેમની સત્સંગ પ્રત્યેની આત્મબુધ્ધિની પરાકાષ્ઠા દર્શાવે છે. આપણા અહોભાગ્ય છે કે આપણને આવું ધર્મવંશી ધર્મકુળ ગુરુ તરીકે સાંપડ્યુ છે.

વર્તમાન કાળનો કોરોના મહામારીનો કપરો સમય વીતી જાય પછી સૌ ભક્તજનો આ અલૌકિક, અદ્વિતીય, શ્રીજી પ્રસાદીત લેખના મ્યુઝિયમમાં જઈને ભાવથી દર્શન કરજ્યો. તેના દર્શનમાત્રથી રોમે રોમ પુલકીત થઈને આખા શરીરમાં શુધ્ધ આધ્યાત્મિકાની લહેરખી ચિત્તને અલૌકિક સુખ શાંતિ બક્ષે છે.

**શ્રી સ્વામિનારાયણ માસિકમાં છાપવા માટે**
**લેખ, સમાચાર અને ફોટોગ્રાફ્સ ઈમેલથી મોકલવા માટે એડ્રેસ**
**magazine@swaminarayan.in**

**મોબાઈલથી પાડેલા ફોટા છપાશે નહિ**

### નીચેના શિખરબધ્ધ મંદિરોમાં નવા મહંત સ્વામીની નિયુક્તિ

**એપ્રોચ-બાપુનગર** શ્રી સ્વામિનારાયણ મંદિર સ.ગુ. મહંત સ્વામી શ્રી ધર્મસ્વરૂપદાસજી ગુરુ સ.ગુ. સ્વામી જાનકીવલ્લભદાસજી, સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી વાસુદેવચરણદાસજી ગુરુ સ.ગુ. સ્વામી જાનકીવલ્લભદાસજી (કાલુપુર મંદિર)

**ચરાડવા (તા. હળવદ)** શ્રી સ્વામિનારાયણ મંદિર (મૂળી મંદિરના) સ.ગુ. મહંત સ્વામી દિવ્યપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. સ્વામી જીષ્ણુચરણદાસજી, સ.ગુ. મહંત શા. સ્વામી નિલકંઠપ્રસાદદાસજી ગુરુ સ.ગુ. સ્વામી જીષ્ણુચરણદાસજી.

**ધરિયાવદ (રાજસ્થાન)** શ્રી સ્વામિનારાયણ મંદિર (કાલુપુર મંદિરના) સ.ગુ. મહંત સ્વામી સ્વયંપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. સ્વામી સત્યપ્રકાશદાસજી.

**લીંબડી (મૂળીદેશ)** શ્રી સ્વામિનારાયણ મંદિર મહંત સ્વામી સ.ગુ. મુક્તસ્વરૂપદાસજી ગુરુ સ.ગુ. સ્વામી પ્રાણજીવનદાસજી (મૂળી મંદિર).

# ઉત્તમ સંતાનો માટે શાસ્ત્ર કથન

- સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

કોઈ માણસો સજ્જન હોય ચારિત્રવાન હોય, સારા સ્વભાવવાળા હોય, વિદ્વાન હોય, સમૃદ્ધ હોય અને સાથે દાનવીર હોય, જ્ઞાની હોય કે ભગવાનના ભક્ત હોય વગેરે સારા સદ્ગુણી માણસો સમાજમાં બધાને સુખ આપે છે અને બધાને ગમે છે. આવા સંતાનોથી તેઓના માતા-પિતાને અપાર સુખ થાય છે ને તેઓ સમાજમાં ગર્વની લાગણી અનુભવે છે. ઉત્તમ સંતાનોથી-આદર્શ નાગરિકોથી ઉત્તમ સમાજ અને એ રીતે એક આદર્શ રાષ્ટ્રનું નિર્માણ થાય છે. દરેક મા-બાપની ઈચ્છા હોય છે કે અમારા સંતાનો ખૂબ સંસ્કારી બને, ખૂબ મોટા માણસ બની અમને ગૌરવ અપાવે, સમાજને ઉત્તમ નાગરિકો પ્રદાન કરવા એ પણ એક પ્રકારની સમાજ સેવા છે. માતા-પિતાની સૌથી મોટી જો કોઈ જવાબદારી હોય તો એ છે કે પોતાના સંતાનોને સત્સંગના સંસ્કારો આપી પ્રગટ ભગવાનને ઓળખાવી તેઓને જન્મ મરણના ચક્રાવામાંથી મુક્ત કરવા. કોઈ પણ શ્રેષ્ઠ વસ્તુ પ્રાપ્ત કરવા માટે તેનું અગાઉથી આયોજન કરી તે માટે જરૂરી પુરુષાર્થ પ્રયત્ન કરવો પડે છે. દ્રષ્ટાંત સ્વરૂપ ખેડૂતને ઉત્તમ પાક લેવો હોય તો બિયારણથી શરૂ કરી ખેડ, ખાતર, પાણી અને નિંદામણથી છોડની માવજત કરવી પડે છે. બિલકુલ તેવી જ રીતે આપણે પણ શું કાળજી રાખવી તે સચ્છાસ્ત્રોને આધારે જોઈએ.

ચાર આશ્રમ પૈકી પ્રથમ બ્રહ્મચર્યાશ્રમના ધર્મોનું પાલન કરતા, વિદ્યાભ્યાસ પૂરો થયા બાદ જેઓને દ્રઢ વૈરાગ્ય હોય તેઓ ત્યાગાશ્રમ સ્વીકારી સાધુ બને અને તેઓના ધર્મમાં રહી ઘણાંક જીવોને સત્સંગ કરાવે તો અનેક જીવોનું કલ્યાણ કરી શકે છે. વૈરાગ્ય દ્રઢ ન હોય, સંસારની ઈચ્છા હોય તો ગૃહસ્થાશ્રમ સ્વીકારી ગૃહસ્થાશ્રમના ધર્મોનું પાલન કરીને આત્મશ્રેય સાધી શકે છે. પુરુષ અને સ્ત્રી અરસપરસ એક બીજાના કુળ, સુસંસ્કારો, ચારિત્ર, વય, આરોગ્ય વગેરેની ઝીણવટ ભરી તપાસ કરી વિવાહ કરે. વ્યવહાર સંબંધી આ એક મોટું કાર્ય હોવાથી શિક્ષાપત્રીમાં શ્રીહરિની આજ્ઞા મુજબ ખૂબ વિચારીને કાર્ય કરવું, નહિં તો પછી આખી જિંદગી પશ્ચાતાપ સાથે પૂરી કરવી પડે અથવા સુમેળ ન સધાય તો છૂટાછેડા લઈને હેરાન-પરેશાન થવાનો વારો આવે. ગૃહસ્થાશ્રમ સ્વીકાર્યા પછી સ્વચ્છંદતા મળી જતી નથી. પરંતુ શાસ્ત્ર મર્યાદામાં રહીને કામની પૂર્તિ કરવાની હોય છે. ગૃહસ્થનું પણ બ્રહ્મચર્ય બતાવ્યું છે. પોતાની સ્ત્રી સિવાય દુનિયાની તમામ સ્ત્રી પોતાની મા, બેન, દીકરી સમાન છે એ તો ખરું જ પણ સાથે સાથે પોતાની સ્ત્રીનો પણ વ્રતને દિવસ ત્યાગ રાખવો ને ઋતુ સમે સ્ત્રી સંગ કરવો. ... (.પ્ર.પ્ર.-૩૪) ઋતુ પ્રાપ્તિ દિવસથી સોળ રાત્રિ સુધી ઋતુકાલ માનેલો છે.

શ્રી સ્વામિનારાયણ સંહિતા ગ્રંથમાં ઘેલા જોષીના પ્રશ્નના જવાબમાં સ્વયં શ્રીહરિએ સારી નરસી પ્રજા થવાનું કારણ જણાવતા કહે છે. રજસ્વલા સ્ત્રી બહુ અપવિત્ર ગણાય છે એટલે ત્રણ દિવસ તો શ્રીહરિએ શિક્ષાપત્રીમાં પણ કરેલી આજ્ઞા મુજબ રજસ્વલા ધર્મના પાલન અર્થે કોઈનો સ્પર્શ કરવો નિષેધ છે. આગળ શ્રીહરિ કહે છે, રજસ્વલા સ્ત્રીઓથી રાત્રિએ પુરુષ સંગ કરે તો અલ્પાયુ, વિદ્યાહીન, વ્રતભ્રષ્ટ, પતિત, પાપી, પર સ્ત્રી ગમન કરનાર, અતિ દ્રરિદ્ર પુત્ર પેદા થાય છે. પાંચમી રાત્રિના સંગથી કન્યા, ગર્ભમાં રક્ત અધિક હોવાથી કન્યા, શુક્ર-વીર્ય અધિક હોવાથી પુત્ર, રજ અને વીર્ય સમ હોય તો નપુંસક થાય છે. છઠ્ઠી રાત્રિના સંગથી સતપુત્ર, જે પુ. નામના નરકથી પિતાની રક્ષા કરે તેવો બાળક તેથી જ પુત્ર કહેવાય છે. સાતમી રાત્રિના સંગથી વંધ્યા-વાંઝણી કન્યા, આઠમી રાત્રિના સંગથી સર્વગુણ સંપન્ન પુત્ર, નવમી રાત્રિના સંગથી કન્યા, દશમી રાત્રિના સંગથી પંડિત પુત્ર, ૧૧ મી રાત્રિના સંગથી કન્યા, ૧૨ મી રાત્રિથી મહાધર્મજ્ઞ વેદ શાસ્ત્ર વિષ્ણુ સ્માર્તના આ ચાર ધર્મ પ્રવર્તક પુત્ર, ૧૩ મી રાત્રિથી અતિ દુષ્ટ કન્યા. ૧૪ મી રાત્રિથી પુત્ર, ૧૫ મી રાત્રિથી પતિવ્રતા કન્યા અને ૧૬ મી રાત્રિથી જ્ઞાની પુત્ર થાય છે. પ્રસન્નતાથી શુદ્ધ સ્ત્રી સાથે સંગ કરે તો ઉત્તમ સંતાન થાય, તો નિષેધ ચાર રાત્રિની અંદર સંગ કરે તો મૂંગી, બહેરી, લૂલી, પાંગળી, ગાંડી, દુષ્ટ પ્રજા થાય.

ઋતુકાળમાં પણ આગલી ચાર રાત્રિઓ વર્જ્ય છે. શ્રાધ્ધ નો દિવસ, શ્રાધ્ધનો આગલો દિવસ, સમગ્ર પર્વ તિથિઓ, અમાવાસ્યા, પૂર્ણિમા, વ્યતિપાદ આદિ, દશમી તથા સંક્રાંતિ અને એકાદશી આદિ વ્રતના દિવસો, દિવસના સમયે, પ્રદોષ સમયે- સાંજની સંધ્યા સમયે, ભાદરવા વદ-

પિતૃ પક્ષમાં પણ પોતાની સ્ત્રીનો સંગ વર્જવો. આસુરી સંપતવાળા મા-બાપને ત્યાં આસુરી બુદ્ધિવાળી પ્રજા જન્મે છે. માટે પ્રભુ પરાયણ જીવન જીવવું. મા-બાપના કુસંસ્કાર, ગર્ભના ખરાબ સંસ્કાર પ્રજામાં ઉતરે છે. જેઓનું જીવન ધર્મભ્રષ્ટ અને અસંયમી હોય તેને ત્યાં રાક્ષસી બુદ્ધિવાળા જીવાત્મા જન્મ લે છે.

શ્રીમદ્ ભાગવત ગ્રંથમાં દૈત્યોની માતા દિતિનો પ્રસંગ છે. વૈકુંઠલોકના પાર્ષદો જય અને વિજય સનકાદિક મુનિઓથી ત્રણ જન્મ સુધી રાક્ષસપણાને પામવાનો શાપ પામ્યા છે. જય-વિજયે વિચાર્યુ કે આપણે હવે દૈત્ય થવાના એ નક્કી છે. તેથી તેઓ તેના માટે ધર્મથી રહિત એવી માતાને શોધવા લાગ્યા. તેવામાં એક સમયે સંધ્યા કાળનો સમય છે. યજ્ઞકુંડની સમીપમાં કશ્યપમુનિ બેઠા છે. તેવા સમયે સાયંકાળે તેમની પત્ની દિતિને કામવાસના જાગ્રત થઈ એટલે તેણે કશ્યપજી પાસે આવી ઋતુદાનની માગણી કરી. સાયંકાળ જેવો નિષેધ-કસમય હોવાથી કશ્યપજી નારાજ થયા, પત્નીને સમજાવવા લાગ્યા : હે દેવી ! આવી માગણી તારા માટે શોભારૂપ નથી. સાયંકાળ જેવો નિષેધ, કમસમય હોવાથી કશ્યપજી નારાજ થયા, પત્નીને સમજાવવા લાગ્યા : હે દેવી ! આવી માગણી તારા માટે શોભારૂપ નથી. સાયંકાળે અસુરો-ભૂતો એવા મલિન જીવો વાતાવરણમાં આંટા મારતા હોય છે. તેથી તે સમયે ગૃહસ્થાશ્રમ ભોગવવામાં આવે તો રાક્ષસ જેવી આસુરી બુદ્ધિવાળી પ્રજા પાકે છે. તું આ સમયે ધર્મ અવહેલના કરે છે. આ સમયે તો દરેક મનુષ્યોએ ભગવાનની આરતી, ધૂન, ભજન કીર્તન, સ્તુતિ પ્રાર્થના વગેરે ધાર્મિક ક્રિયાઓ કરવી જોઈએ એવી શાસ્ત્રની આજ્ઞા છે. ધર્મની મર્યાદા છોડવાથી દુ:ખ આવે છે. કશ્યપજીએ ઘણું સમજાવી છતાં દૈત્યમાતા દિતિ સમજ્યા નહિ એ સંધ્યાકાળે, પતિની ઈચ્છા ન હોવા છતાં ઋતુદાન લીધું ત્યારે તે જ સમયે આકાશમાં 'મા' શોધી રહેલા જય અને વિજયને તક મળી ગઈ કે આ મા આપણા માટે બરાબર છે. બન્નેએ તુરત જ દિતિના ગર્ભમાં પ્રવેશ કર્યો. દિતિ સગર્ભા થયા અને સમયાંતરે હિરણ્યાક્ષ અને હિરણ્કશિપુનો જન્મ થયો. જેઓ દૈત્યો હોવાથી ત્રિલોકીમાં હાહાકાર મચાવ્યો.

મનુષ્યના જીવનમાં ૧૬ સંસ્કારોની આવશ્યકતા શાસ્ત્રોક્ત છે. જે સમય સંજોગો મુજબ દરેક માટે અનુકરણીય છે. દરેક સંસ્કારની અલગ અલગ આગવી મહત્તા છે. દરેક સંસ્કારમાં ભગવાન કેન્દ્ર સ્થાને હોવા જોઈએ. ગર્ભાધાન સમયે પણ ભગવાનનું સ્મરણ કરવામાં આવે તો માતાના ગર્ભમાં પવિત્ર આત્માનો પ્રવેશ થાય છે. પ્રજોત્પતિ માટે ધર્મની મર્યાદામાં રહીને ભોગવેલો કામ પણ ગીતા પ્રમાણે ભગવાનનું જ સ્વરૂપ છે. ગર્ભાધાન બાદ બાળકના ગર્ભ સંસ્કાર માટે માતાએ અતિ પવિત્ર અને સંયમી જીવન જીવવું જોઈએ. સતત શાસ્ત્ર વાંચન, ભગવાનનું ભજન આદિકથી ભાવિ બાળકમાં શુભ સંસ્કારો અતિ દ્રઢ બને છે. પ્રહલાદની કથા આપણે જાણીએ છીએ. દૈત્યકુળમાં હિરણ્યકશિપુના પુત્ર હોવા છતાં માતા ક્યાધુના ગર્ભમાં હતા ત્યારથી જ દેવર્ષિ નારદજીનો સંગ મલ્યો તો બાલ્યાવસ્થાથી જ ઉત્તમ ભક્ત બન્યા. બાળકના જન્મ પછી બાળ ઉછેરમાં અતિ સાવધાનીથી આપણા શાસ્ત્રોની શુભ વાર્તાઓ દ્વારા બાળકનું જીવન ઘડતર કરવામાં આવે, દરરોજ ભગવાનના મંદિરે લઈ જવામાં આવે તો એ સંસ્કારો બાળકમાં આખી જિંદગી રહે છે. પ્રહલાદ, ધ્રુવ વગેરે બાળભક્તોનું ભક્તિપ્રધાન જીવન ઘડતર બાળપણમાંથી જ ખાસ કરીને માતાના શુભ સંસ્કારોથી થયું હતું. બાળક હંમેશા અનુકરણ પ્રિય હોય છે. કુમળો છોડ જેમ વાળીએ તેમ વળે છે. સુટેવો નાનપણમાં સહેલાઈથી પાડી શકાય છે તે માટે માતા-પિતાએ પણ સાત્વિક આહાર વિહારનું ધ્યાન રાખવું ઘટે. કારણ કે માતાને જો બહાર લારીએ પકોડી ખાવાની ટેવ હોય, તૈયાર પડીકા લાવીને ખાવાની ટેવ હોય તો બાળકને એ ટેવ પડવાની જ છે.

એજ બાળક યુવાન થયા પછી સ્કુલ, કોલેજમાં જાય ત્યારે હાલના કલુષિત સમય પ્રમાણે તેની સંગ સોબત બાબતની અતિશય સંભાળ લેવી પડે છે. મિત્રો કોણ છે તેનું સતત ધ્યાન રાખવું પડે છે. એકવાર જો વ્યસન-ફેશનમાં ફસાય જાય તો તેમાંથી મુક્ત કરવા કઠિન છે. મનુષ્યમાં જે કાંઈ ગુણો કે દોષો છે તે સારી અથવા નરસી સંગત થકી જ થાય છે. માટે યુવાનોએ સત્પુરુષોનો જ સંગ કરવો પણ અસત્ પુરુષોનો સંગ ન કરવો. અસત્ પુરુષોના દર્શનથી, સ્પર્શથી, સાથે ચર્ચા કર્યાથી તથા સાથે બેઠક ઉઠક રાખવાથી મનુષ્યો ધર્મના આચરણથી ભ્રષ્ટ થાય છે. અધમ પુરુષોના સમાગમથી પુરુષોની બુદ્ધિ નાશ પામી જાય છે. (સ.જી.પ્ર.-૨)

અને જો અતિ પાપીનો સંગ થાય તો પાપનો વધારો થાય. અને કાંઈક સુકૃત હોય તો પણ નાશ પામે, અને પછી પરમેશ્વરનો વાંક કાઢે જે, ''મારું મન કેમ ઠેકાણે રાખ્યું નહિ? તેને તો મહામૂર્ખ જાણવો. (ગ.પ્ર.પ્ર.-૫૫)

સાર એ છે કે પોતે સુખી થઈને બીજાને પણ સુખી કરવા હોય તો સ્વામિનારાયણ ભગવાને આપણને શીખવાડવામાં કંઈ બાકી રાખ્યું નથી. માટે નાની ઉંમરથી જ સત્સંગનો લાભ લેવો. પાન ખરી જાય અને વૃક્ષ ઠુંઠું થઈ જાય પછી કંઈ વળે નહી તેનો સમયાંતરે ઉખાડીને નિકાલ કરવાનો રહે.

# સેવા-પરમધર્મ......

- ગોરધનભાઈ હ. સુથાર (મોડાસા)

સેવા વિવિધ પ્રકારે થઈ શકે. ભૂખ્યાને અન્ન આપવું, માંદાની માવજત કરવી, વિદ્યાર્થી ભણાવ્યાની શાળા કરાવવી, કે વટેમાર્ગુઓ માટે પરબ, વાવ, કૂવા બંધાવવા એમ સેવાની વિવિધ રીતો છે. સેવામાં સ્વાર્થ નહીં.... પરમાર્થ હોવો જોઈએ. કંઈક બદલાની અપેક્ષાએ સેવા કરવાનો અર્થ સરતો નથી. અરે ! સેવા કરતાં મનમાં છૂપી ઉપકારની ભાવના પણ ન રહેવી જોઈએ.

મહાન ભક્ત જલારામ ગામના ગોંદરેથી પસાર થતા સાધુઓને પોતાને ત્યાં લઈ જઈ જમાડતા... તો લાખા વણઝારાએ.... વટેમાર્ગુઓ માટે વાવો બંધાવ્યાનાં ઉદાહરણો લોક મુખે આપણને સાંભળવા મળે છે. તો ગોંડલના રાજા હોય કે વડોદરાના મહારાજા સયાજીરાવ હોય જેમણે પોતાના રાજ્યોમાં શાળા-કોલેજો શરૂ કરાવી દરેક વર્ગની શિક્ષણની ભૂખ સંતોષી હતી. શ્રવણ જેવો પનોતો પુત્ર મા-બાપને કાવડમાં લઈ તીર્થે તીર્થે ફર્યો તો પુંડરિક જેવા ભક્તે દર્શન દેવા આવેલા વિઠ્ઠલનાથજી ભગવાનને પણ મા-બાપની સેવામાંથી મુક્ત થાઉં ત્યાં સુધી ઉભા રહેવા વિનંતી કરેલી.

ભગવાન સ્વામિનારાયણે સ્વહસ્તે લખેલી ''શિક્ષાપત્રી'' લોક નં. ૧૩૯ માં જણાવ્યું છે ....

''અમારા આશ્રિત જે ગૃહસ્થ, તેમણે માતા-પિતા અને ગુરુ તથા રોગાતુર એવા જે કોઈ મનુષ્ય તેમની સેવા તે જીવનપર્યંત પોતાના સામર્થ્ય પ્રમાણે કરવી.''

ઉપરોક્ત શ્લોકને સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતાના જીવન વ્યવહારમાં યથોચિત-સાંગોપાંગ ઉતારી સમાજને સેવાનું મોટું ઉદાહરણ પુરૂં પાડ્યું છે.

બાળ ઘનશ્યામ માત્ર ૧૧ વર્ષની ઉંમરે ઘર છોડી વનની વાટે વિચર્યા ત્યારે હિમાલયમાં ગોપાળ યોગી પાસે રહી ''અષ્ટાંગયોગ'' શીખ્યા અને આશરે એક વર્ષ સુધી તેમની સેવા કરી એમને દિવ્યગતિ આપી.... વળી ભારતભ્રમણ કરતાં કરતાં વનવિચરણ વખતે રામેશ્વર જતાં સેવકરામ નામના રોગગ્રસ્ત સાધુની એક માસ સુધી સેવા કરી. એક શેર ઘી પચાવે તેવો થવા છતાં નીલકંઠની સેવા લેવાનું ચાલુ રાખ્યું... છેવટે કૃતઘ્ની જાણી તેનો ત્યાગ કર્યો.

અરે ! પિતા ધર્મદેવ અને ભક્તિમાતાની પણ પુત્ર ઘનશ્યામે ખૂબ સેવા કરી. તેમને મોક્ષગતિ આપ્યા પછી જ ગૃહત્યાગ કર્યો છે. એટલું જ નહીં પોતાની હયાતીમાં નવ મંદિરો બાંધી દરેક મંદિરમાં ધર્મ-ભક્તિ રૂપે પોતાના મા-બાપની મૂર્તિઓ પોતાના સિંહાસન સાથે પધરાવીને જગતને ''મા-બાપને ભૂલશો નહીં'' નું ઉત્તમ ઉદાહરણ પુરું પાડ્યું છે.

ભગવાન આ બાબતમાં અજોડ છે જ !!

કોઈ દીન-દુઃખિયાને જોઈ અતિ દુઃખી થતાં કોઈને પોતાનો જમવાનો થાળ આપતા તો વળી કોઈને મોંઘાં વસ્ત્રો કે અલંકારો પણ સહજ રીતે આપી દેતા.

આમ પોતે સેવા કરી, જીવન વ્યવહારના આચરણમાં મૂકી સર્વેને જીવનમાં સેવાનો આદર્શ ભગવાને આપણને બતાવ્યો છે. એ આદર્શ જે આપણે જીવનમાં ઉતારીએ એ જ અભ્યર્થના.

**શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ**
www.swaminarayan.in
**ભારતીય સમય મુજબ આરતી દર્શન :** મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫
● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૮-૪૫ ● શયન આરતી ૨૦-૩૦

શ્રી
સ્વામિનારાયણ
મ્યુઝિયમ

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....





આ વર્ષે ઠંડી મોડી પડી છે. પરંતુ હવામાન ખાતાની આગાહી મુજબ ભારતમાં અને ગુજરાતમાં ઠંડી ખૂબજ પડવાની છે. એક તો કોરોના નો કપરો કાળ અને તેમાં ઠંડી વધુ પડવાની આગાહી થી લોકોમાં ફફડાટ પ્રવર્તે છે. બીજી બાજુ કોરોનાની રસી હાથવગી થવાના એંધાણથી થોડી ઘણી રાહત પણ અનુભવાય છે.

વર્ષો પહેલા - શ્રીજી મહારાજના સમયમાં આગાહી કરવાની અત્યાર જેવી આધુનિક સવલત નહોતી કુદરત જેટલા પ્રમાણમાં ઠંડી - ગરમી - વરસાદ વરસાવે તે સહન કર્યા વગર છુટકો જ નહોતો. શ્રીજી મહારાજ ગમે તેવી કપરી મોસમમાં પણ અવિરત પણે સત્સંગ વિચરણ ચાલું જ રાખતા અને ઠંડીની મોસમમાં ઠંડીથી રાહત મેળવવા શાલ ઓઢતા તેમાંની આ એક શાલછે. ભરતગૂંથણના ઉત્કૃષ્ટ નમૂનારૂપ આ શાલ ઘાટા વાદળી કલરમાં સોનેરી તારથી અંકોડી ગૂંથણ કરેલ છે. સ્વયં શ્રીજી મહારાજ ધારણ કરવાના હોય તે શાલને કારીગરે ખૂબ ખંત અને હેતથી બનાવેલ છે. આચાર્ય પરપરામાંથી શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમને પ્રાપ્ત થયેલ આ શાલ હોલ નંબર ૭માં દર્શનાર્થે રાખવામાં આવેલ છે.

- પ્રફુલ ખરસાણી

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન** (ફક્ત વોડાફોન ધારકો માટે)
પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.
મોબાઈલમાં ct>સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ મહાપૂજાની યાદી-ડિસેમ્બર-૨૦૨૦

| | |
|---|---|
| તા. ૨૧-૧૨-૨૦૨૦ | લીલાબેન કનૈયાલાલ પટેલ - યુ.એસ.એ. - હ. ભૂમિ તથા હિરેન - પ્રેરણા સાંખ્યયોગી મંજુબા તથા ભારતીબા કાલુપુર હવેલી. |
| તા. ૨૬-૧૨-૨૦૨૦ | ભારતીબેન સૂર્યકાંતભાઈ ખીમજીભાઈ - વડગામા |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ-ડિસેબર-૨૦૨૦

| | |
|---|---|
| રૂા. ૨,૫૫,૦૦૦/- | પ.ભ. એક હરિભક્ત - બાપુનગર |
| રૂા. ૧૦૩૦૦૦/- | અ.નિ. જટાશંકર પોપટલાલ શાહ પરિવાર - આંબાવાડી - હ. પાર્થ તથા મોર્ય |
| રૂા. ૫૧,૦૦૦/- | પ.ભ. અશોકભાઈ સોમદાસ પટેલ - કલોલ |
| રૂા. ૫૦,૨૦૦/- | પ.ભ. બિપીનભાઈ ડાહ્યાભાઈ સોની - બોપલ |
| રૂા. ૫૦,૦૦૦/- | અ.નિ. શાંતિલાલ નાથાલાલ ઠક્કર - હ. ગં.સ્વ. કુસુમબેન એસ. ઠક્કર |
| રૂા. ૫૦,૦૦૦/- | પ.ભ. ચુનીલાલ દુર્લભજી સોની - પલીયડવાળા - રાણીપ |
| રૂા. ૫૦,૦૦૦/- | પ.ભ. રમેશભાઈ જી. કાછડીયા - બાપુનગર. |
| રૂા. ૫૦,૦૦૦/- | પ.ભ. અરવિંદભાઈ આર. દોંગા - બાપુનગર |
| રૂા. ૨૫,૦૦૦/- | પ.ભ. દિનેશભાઈ નારણદાસ પટેલ - અમદાવાદ |
| રૂા. ૨૫,૦૦૦/- | પ.ભ. કરૂણાબેન કાંતિલાલ દાણી - વટવા - રીટાયર્ડ થયા નિમિત્તે. |
| રૂા. ૨૧,૦૦૦/- | અ.નિ. ભીખાભાઈ ગોવિંદભાઈ પરમાર - નવાવાડજ - પૌત્ર ચિ. કિર્તન મુકેશભાઈ પરમારના લગ્ન નિમિત્તે |
| રૂા. ૧૮,૦૦૦/- | પ.ભ. એન. એચ. પ્રધાનાની - મુંબઈ |
| રૂા. ૧૨,૦૦૦/- | પ.ભ. દરજી જગદીશભાઈ કાળીદાસ - બોપલ |
| રૂા. ૧૧,૦૦૦/- | પ.ભ. રાકેશભાઈ અમીચંદભાઈ પટેલ - હિંમતનગર. |
| રૂા. ૧૧,૦૦૦/- | પ.ભ. પ્રિયજીત પટેલ તથા પ.ભ. અજય પટેલ - કલોલ |
| રૂા. ૧૧,૦૦૦/- | નિલકંઠ લેન્ડસ્કેપ એસોસીએટસ - ઉનાવા |
| રૂા. ૧૧,૦૦૦/- | પ.ભ. સરોજબેન આર. પંડયા -ખાડીયા હ. બેલા પંડયા. |
| રૂા. ૭,૦૦૦/- | પ.ભ. ધર્મેન્દ્રસિંહ બાપુ |
| રૂા. ૫,૦૦૦/- | પ.ભ. સોની જીગ્નેશ નટવરલાલ - પૌત્રના જન્મ દિન નિમિત્તે |
| રૂા. ૫,૦૦૦/- | પ.ભ. ધ્યાન તથા પાર્શ્વ ભાર્ગવભાઈ પટેલ - નવાવાડજ |
| રૂા. ૫,૦૦૦/- | પ.ભ. સ્નેહલ કૃષ્ણકાંત પટેલ - કાંકરિયા |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.

મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬

**www.swaminarayanmuseum.org/com ●email: swaminarayanmuseum@gmail.com**



# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## અલૌકિક શ્રધ્ધા

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

એક આશ દ્રઢ વિશ્વાસ, મિત્રો ! વાત વાંચી અચંબામાં ન પડતાં અને હા, આ કોઈ વાર્તા નથી આ છે સત્ય ઘટના વાત છે ડોસાભાઈની -

બંધીયા ગામમાં ભગવાનના ચુસ્ત સત્સંગી ડોસાભાઈ રહેતા હતાં. સાથે તેમના માતા પણ હતાં. પત્ની પિયરમાં ગયા હતા.

એક દિવસ શ્રીજી મહારાજ સાંજના સમયે ડોસાભાઈને ત્યાં પધાર્યા, ડોસાભાઈએ આવકાર્યા. પધારો પધારો મહારાજ. ડોસાભાઈએ ચાકળો પાથર્યો, બેસવા કહ્યું. અને પછી કહે, હું રસોઈ બનાવું છું થાળ જમજો. શ્રીજી મહારાજ કહે, ના ના અમે તો ખાસ કામે આવ્યા છીએ. ડોસાભાઈને વચનમાં વિશ્વાસ અને દ્રઢ નિશ્ચય હતો. એટલે મહારાજે કહ્યું, ડોસાભાઈ તમારી પાસે જે રૂપિયા અને દાગીના હોય તે લાવો. અને એક કપડાંનો કકડો લાવો. તેમાં આ દાગીના અને રૂપિયાનું પોટલું બાંધો. એ વખતના જમાનામાં નોટો હતી નહી. રોકડા રૂપિયા જ હતા. તેથી પોટલું મોટું થયું. મહારાજે કહ્યું, આ પોટલું લઈને ચાલો અમારી સાથે. ડોસાભાઈએ મોટું પોટલું માથે ઉપાડ્યું અને મહારાજની સાથે સાથે ચાલ્યા. ડોસાભાઈને સહેજ પણ ખચકાટ નહી કે શંકા નહી. જેમ મહારાજની આજ્ઞા.

ગામની બહાર બંને બાજુ ખેતરો હતા તે ખેતરોના કૂવામાં પાણી હતું. વપરાશવાળા કૂવા હતા. એટલે દૂર છેડે એક અવાવરૂ કૂવો આવ્યો. મહારાજ ત્યાં ઉભા રહ્યા. પછી ડોસાભાઈને કહ્યું : આ પોટલું કૂવામાં નાંખી દો. તરત જ ડોસાભાઈએ કૂવામાં પોટલું નાખ્યું. ગજબની વાત છે. કોઈ પ્રશ્ન નહી, કોઈ શંકા નહી, આશંકા નહી. પોટલું કૂવામાં નાખી દો ને ફટ દઈને નાંખી જ દીધું.

ત્યારબાદ શ્રીજી મહારાજ અને ડોસાભાઈ રાત્રિના એક ધર્મશાળામાં રોકાયા. સવાર થઈ એટલે મહારાજ તો ચાલવા લાગ્યા અને કહેતા ગયા કે સવારે જઈને પેલા કૂવામાંથી પોટલું કાઢી લઈ લેજો.

આ બાજુ ડોસાભાઈના ઘરે શું થયું, રાત્રે ચોર આવેલા. નક્કી કરેલું કે ડોસાભાઈના ઘેર રૂપિયા અને દાગીના છે. ડોસાને મારી નાંખવો અને બધું લુંટી લેવું. ચોર આવ્યા, ઘરમાં પેઠા. ડોસાભાઈ ઘરમાં હાજર નહોતા, માજી એકલા હતા, ચોર એવું બોલેલા, આજે તો ગમે તે થાય ડોસાને મારીને પણ બધું ચોરી લેવું. માજી પણ સાંભળતા હતા. ચોર લોકોએ તો પટારા તોડી નાખ્યા, કબાટ તોડ્યા પણ કંઈ મળ્યું નહી તેથી ઘરના માટલાં ફોડી નાંખ્યા. કપડાં ફાડી નાંખ્યા. છેવટે કંઈ હાથમાં ન આવ્યું. એમને એમ પાછા ગયા.

આ બાજુ સવારે ડોસાભાઈ ઘરે આવ્યા. જોયું તો ઘર આગળ મોટું ટોળું જમા થયેલું તેથી તે સમજી ગયા કે કાંઈક ગડબડ થઈ છે. જઈને જોયું તો ઘર વેરવિખેર હાલતમાં હતું. તેઓ બધું જ સમજી ગયા. ચોક્કસ મારા ભગવાને મને બચાવ્યો, મારી મૂડી બચાવી અને દાગીના બચાવ્યા, સર્વસ્વ બચાવ્યું. કહેવાનું એટલું જ કે ભગવાન જે કરે તેમાં પાકો વિશ્વાસ દ્રઢ નિશ્ચય રાખવો.

મિત્રો ! એટલે જ તો કહ્યું છે ને કે -

**"હું હરિનો હરિ મમરક્ષક એ ભરોંસો જાય નહિ,**
**જે હરિ કરશે તે મમ હિતનું એ વિશ્વાસ તજાય નહિ."**

આવો ભરોસો રાખી ભગવાનનું ભજન કરવું. તો આજે પણ ભગવાન આપણી સર્વ રીતે રક્ષા કરશે.

●

## તફાવત ક્યાં છે ?

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

સંસ્કૃતમાં એક કહેવત છે -''अति परिचयाद् अवज्ञा'' એટલે કે અતિ સહવાસ, અતિપરિચય ઘણીવાર અનાદરનું કારણ બને છે. અમૂલ્ય વસ્તુ હોવા છતાં પણ તે સરળતાથી ઉપલબ્ધ હોય તો તેનો મહિમા ભૂલાઈ જાય છે. એવી જ બાબત તીર્થસ્થાનો માટે પણ છે. માણસો હજારો રૂપિયા ખર્ચી તીર્થસ્થાનોમાં યાત્રા કરવા જતા હોય અને ત્યાં રહેતા માણસોને તે તીર્થનું કોઈ મહત્વ પણ હોતું નથી. કારણ કે તેના માટે તો તે તીર્થસ્થાન નહી પણ નિવાસ સ્થાન બની જાય છે.

જેમ તીર્થ, અમૂલ્ય વસ્તુ વગેરેમાં સરળ પ્રાપ્તિ અવજ્ઞાનું કારણ બને છે તેમ મહાપુરુષો, સંતપુરુષોની બાબતમાં પણ થાય છે, જો સાવધાની ન રહે તો. જે મહાપુરુષ કે સંતમહાત્માની વાણીને લોકો ઝંખતા હોય

પણ જેને એ સરળતાથી પ્રાપ્ત હોય તેને મહિમા ન હોવાથી તે અમૂલ્ય લાભને પણ અજ્ઞાનતાથી ગુમાવી દેતા હોય છે. ઘણીવાર આવા મહાપુરુષોનું અપમાન કે તેમનો અજ્ઞાનતાથી થયેલો અનાદર દુઃખનું કારણ બની રહે છે. માટે જ શાસ્ત્રોમાં કહ્યું છે કે સત્પુરુષોનો સમાગમ, સતત રહેતો હોય તેણે સતત સાવધાની રાખવી ખૂબ જરૂરી છે. એ વાતનું સતત અનુસંધાન રહે કે આ મહાપુરુષની સ્થિતિ મારાથી જુદી છે. ભલે મારી સાથે મારા જેવા બનીને રહે છે પણ ક્યાં કીડીને ક્યાં કૂંજર ! હું તેમની સમાન તો થઈ જ ન શકું, આવા અનુસંધાન સાથે રહે તો ક્યારે પણ અવજ્ઞા થાય નહી. આ સમજવા માટે આજની આ વાત બહુ ઉપયોગી બની શકશે.

એક સદ્‌ગૃહસ્થ હતા. તેમને એક મહાત્મા સાથે ગુરૂભાવ હતો. મહાત્માની કીર્તિ પણ ચારે કોર ફેલાયેલી હતી. આ શિષ્યને પણ મહાત્મા ઉપર ખૂબ ભાવ હતો. ગુરૂ દૂર રહેતા હોવાથી દરરોજ તો સત્સંગનો લાભ મલતો નહી તેથી તેણે એક આખો શ્રાવણ મહિનો કથા-વાર્તા-સત્સંગનો લાભ મળે તે માટે પોતાના બંગલે પધારવા આમંત્રણ આપ્યું. આ સદ્‌ગૃહસ્થનો ભાવ જોઈને ગુરુએ આમંત્રણનો સ્વીકાર કર્યો. શ્રાવણ મહિનાની શરૂઆત થાય તેના આગલા દિવસે ગુરૂ-મહાત્માજી આ સદ્‌ગૃહસ્થના ગામ પધાર્યા. સદ્‌ગૃહસ્થે ભાવથી સ્વાગત સામૈયુ કરી મહાત્માજીને પોતાના ઘેર પધરાવ્યા. આ સદ્‌ગૃહસ્થનો બંગલો બહુ મોટો તેથી પોતાના જ બંગલાના ઉપરના માળે મહાત્માજીનો ઉતારો ગોઠવ્યો. કથા-વાર્તા-સત્સંગની શરૂઆત થઈ ગઈ. આઠ-દસ દિવસ પસાર થયા ને એક દિવસે મહાત્માજી પોતાના ઉતારામાં બિરાજમાન હતા ત્યારે આ શિષ્યે ગુરૂ પાસે આવી પોતાના મનમાં આવેલો એક વિચાર રજૂ કર્યો.

તે કહેવા લાગ્યો - ગુરૂ ! મેં તમને આખો મહિનો અમારા આ બંગલે-કથા-વાર્તા-સંત સમાગમ થાય તે માટે બોલાવ્યા છે. તમે રોજ સવાર-સાંજ કથા-વાર્તાનો લાભ આપો છો. અમે નીચે રહીએ છીએ તમે ઉપર રહો છો પણ મને એમ થાય છે કે મારામાં ને તમારામાં ફેર કેટલો ? હું તમારી પાસે જ રાત્રે સૂઈ જાઉં છું. જેવી મારી પથારી છે તેવી તમારી પણ છે. જે હું જમુ છું તે જ તમે પણ જમો છો. હું પણ ન્હાઉં છું તમે પણ ન્હાવ છો, હું પણ પૂજા-પાઠ કરું છું તમે પણ કરો છો. મને તમારામાં કાંઈ વિશેષ તફાવત લાગતો નથી. તેથી મને લાગે છે કે આપણે બેય સરખા છીએ.

મહાત્માજીને થયું કે આ શિષ્યને જે વિચાર આવ્યો છે તેનો જવાબ વાણીથી આપવો યોગ્ય નથી. તેથી તેમણે કહ્યું, જુઓ આનો જવાબ હું તમને થોડા સમય પછી આપીશ. થોડો સમય પસાર થઈ ગયો. ત્યાં તો એક દિવસ મહાત્માજી આ સદ્‌ગૃહસ્થને કહે, આવતી કાલે સવારે તું મારી સાથે આવજે તને તારા પ્રશ્નનો જવાબ આપવો છે. મહાત્માજી સ્નાનાદિકથી પરવાર્યા અને આ શિષ્ય પણ પરવારી ગયો પછી મહાત્માજી કહે, ચાલો અમારી સાથે. મહાત્માજી આગળ આગળને આ શિષ્ય પાછળ પાછળ ચાલવા લાગ્યો. ગામથી બહાર નીકળી ગયા. છતાં મહાત્માજી આગળ ચાલે જ રાખે છે. ખાસા ગામથી બહાર દસ-બાર કિલોમીટર નીકળી ગયા. હવે શિષ્યથી ન રહેવાયું. તે ગુરૂને કહે, આપણે તો ઘણા આગળ નીકળી ગયા હજુ આપે જવાબ નથી આપ્યો. ત્યારે મહાત્માજી કહે, હું તને જવાબ જ આપું છું તું કહેતો હતો ને હું બંગલામાં રહું છું, તમે પણ બંગલામાં રહો છો જો હવે હું ચાલી નીકળ્યો એટલે તું પણ બોલ્યા વગર ચાલ્યે જ રાખ, પાછો ન વળીશ. કારણ કે આપણે બેય સરખા જ છીએ ને !!

હવે તો શિષ્યથી રહેવાયું નહી. તે કહેવા લાગ્યો. નહીં નહી ગુરૂદેવ, મારો બંગલો, સંપત્તિ, કુટુંબ એ બધું હું ક્યાંથી છોડી શકું ! ગુરૂ કહે, કેમ ન આવી શકું ? એમાં શું વાંધો છે ? આપણે બેય સરખા છીએ ને !! શિષ્યને તો આટલામાં બધું સમજાઈ ગયું. તેણે મહાત્માજીની માફી માંગી અને તે પોતાના ઘર તરફ ચાલ્યો ને મહાત્માજી ચાલ્યા ગયા.

એટલે આ દૃશ્ય ભાવ દેખાતો હોય છતાં પણ મહાન પુરુષોમાં જે મહાનતા હોય તે સામાન્ય માણસ સમજી શકતા નથી. એને તો કોઈ વિરલા જ જાણી શકે. જ્યારે ભગવાન મનુષ્યરૂપે વિચરતા હોય કે મહાપુરુષોનો સહવાસ હોય ત્યારે તેમાંથી મનુષ્ય ભાવ દૂર કરવાનો હોય છે. આવું જ્ઞાન આવી જાય તો પછી બીજા કોઈ સાધનોની જરૂર પડતી નથી. સહેજે સહેજે ભગવાનની માયાને તરી શકાય છે.

આવો અમૂલ્ય સંયોગ આપણને મળ્યો છે, સહેજે સહેજે સત્સંગની પ્રાપ્તિ થઈ છે, સ્વામિનારાયણ ભગવાન મળ્યા છે તો આ મનુષ્ય જન્મ ભજન કરીને સાર્થક કરી લેવો.

# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી) એકાદશી સત્સંગ સભા પ્રસંગે (કાલુપુર મંદિર-હવેલી) "સાધનારૂપી પાત્ર નિર્મળ હશે ત્યારે ભગવદ્ કૃપાનો અનુભવ થશે"**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ - ઘોડાસર)

સત્સંગમાં અત્યારે શું વાત આવી જતનબાની આવી ને કે મહારાજ જતનબાને ત્યાં ગયા હતા તો જતનબાએ મહારાજને કામ સોંપ્યુ હતું કે તમે આ ધાન હલાવો અને ધ્યાન રાખજો કે ચોટી પણ ન જાય અને ઉભરાઈ પણ ન જાય માટે સતત હલાવતા રહેજો. તો આપણે પણ સતત વિચારોરુપી મનોમંથન ચલાવતા રહેવાનું અને ક્યાંય બહુ ચોટી પણ નહિ જવાનું અને અતિ ઉભરા પણ નહિ લાવવાના. **ભગવાન સિવાય ક્યાંય પણ અતિ 'આસક્ત' નહિ થવાનુ.** પછી જતનબાએ કીધું કે હવે મારે કાંઈ જોવું નથી. **કેમ કે ? મહારાજે બનાવ્યું તેમા શું જોવાનું હોય ? એમ આપણે પણ મહારાજને સંપૂર્ણ સમર્પણ થઈ જઈશું તો આ જગતમાં કાંઈ પણ જોવાની જરૂર રહેતી નથી.**

એવી સ્થિતિ પ્રાપ્ત કરવા માટે બે વસ્તુ જોઈએ **એક જીવનો તીવ્ર પોકાર જોઈએ અને બીજું એ કે 'ભગવદ્કૃપા' વગર કાંઈ પણ પ્રાપ્ત થતું નથી.** તો આપણને એમ થાય કે જો ભગવાનની કૃપાથી જ બધુ પ્રાપ્ત થઈ જતું હોય તો સાધનો કરવાની મહેનત કરવાની શું જરૂર ? ? એમ ને એમ જ મળી જવું જોઈએ. પણ એવું નથી દા.ત. ગાયનું ચોખ્ખું દૂધ જોઈતું હોય તો ચોખ્ખું પાત્ર લઈને જવુ તો પડે. અશુધ્ધ ગમે તેવું પાત્ર હશે તો દૂધ ઉપયોગમાં નહિ આવે. તેવી રીતે **ભગવદ્કૃપા પ્રાપ્ત કરવા માટે સાધનરુપી પાત્ર જોઈએ.** એટલે બધા દેવી દેવતાની માનતા રાખે છે. એવું નહિ ધામમાં જવા માટે **શુધ્ધ ઉપાસના** જોઈએ તેની વાત છે. સાધના પણ શુધ્ધ હોવી જોઈએ. તો આપણને એમ થાય કે આપણે ભજન-કીર્તન માળા જપ-તપ કરીએ છીએ પરંતુ એ બધું નિર્મળ મનથી થવું જોઈએ. **અવગુણરહિત મનથી કરે તે શુધ્ધ સાધના કહેવાય છે. ભગવાન કૃપા કરશે ત્યારે મળશે પણ ત્યારે સાધનારૂપી ચોખ્ખું પાત્ર પણ જોઈએ.** માટે આપણે સાધના દ્વારા પાત્રતા કેળવવા સતત પ્રયાસ ચાલું રાખવાનો છે.

આપણે કહીએ છીએ ને કે ભગવાનની મરજીથી બધું થાય છે. આ દુનિયામાં બધી વસ્તુ ભગવાનની મરજીથી થતી હોય તો કોઈપણ વસ્તુ ખોટી થાય જ નહિ. થવી જ ના જોઈએ. અને મહારાજે આટલા બધા નિયમો બનાવ્યા છે કે **કેવી રીતે જીવન જીવવું ? આજ્ઞાઓ આપી છે. સમજણ આપી છે. શિક્ષાપત્રી બનાવી છે.** તો એવું કાંઈ હોત જ નહિ. મારી મરજીથી જ થશે એવું જ કીધું હોત. બરાબર છે કે મહારાજે એવું કીધું છે કે :

**મારી મરજી વિના રે કોઈથી તરણું નવ તોડાય.**

પણ એનો અર્થ બરાબર સમજવો પડે. આપણે ખોટું અર્થઘટન કરીએ છીએ અને જાણતા અજાણતા પણ આપણાથી કાંઈ પણ ખોટું થઈ ગયું હોય તો બીજા ઉપર ઢોળી દઈએ છીએ કે આણે આવું કર્યું એટલે આમ થયું એવી રીતે ઘણા ભગવાન ઉપર ઓઢાડી દે છે કે મહારાજની મરજી એવી હશે. પણ એવું નથી. મહારાજની મરજીથી બધું ચાલે છે. એનો મતલબ એ છે કે જે કાંઈ આપણે કરીએ છીએ તેનું પરિણામ મળે છે. એમાં આપણી મરજી ચાલતી નથી. અર્થાત્ **ભગવાને કર્મ કરવાની સ્વતંત્રતા આપણને આપી છે. ભગવાને આપેલા જ્ઞાન અને શક્તિનો ઉપયોગ આપણે કેવી રીતે કરીએ છીએ તે આપણા હાથની વાત છે. પરિણામ શું આવશે તે આપણા હાથની વાત નથી. ત્યાં મહારાજની મરજી ચાલે છે.** એટલા માટે કહેવાય છે કે વિચારીને કરવાનું સમજીને કરવાનું. કેટલું બધું સારુ કાર્ય કર્યું પરંતુ એ કાર્ય કરતી વખતે તમારી મનોસ્થિતિ કેવી હતી. હેતુ શું હતો. અંતરની ભાવના કેવી હતી. સ્વાર્થની ભાવના હતી કે કેવી હતી. **ભગવાન એ આંતરિક વિચારો જુએ છે. એ પ્રમાણે ફળ આપે છે. ભગવાન કર્મફળ પ્રદાતા છે.**

આ બધું સમજવા માટે શાસ્ત્રનું વાંચન ખૂબ જોઈએ. ખૂબ ઉંડુ જ્ઞાન જોઈએ. તમે પરીક્ષા આપવા બેસો ત્યારે

ગોખેલું લખો અને સાંભળેલું સમજીને બરાબર ભણીએ બન્નેમાં ફેર છે. **માટે સત્સંગમાં સમજી પછી જાતે પ્રયત્ન કરવો પડે. શાસ્ત્રોને મનોમંથન કરી ઉંડો અભ્યાસ કરવો પડે અને આપણા શાસ્ત્રો કેવા છે. જેટલું વાંચો એટલું નવું જ લાગે છે. જગતના પુસ્તકો બે વખત વાંચો તો ત્રીજી વખત અડવાનું મન ના થાય. અને આપણું "વચનામૃત" એ તો 'અધ્યાત્મ શાસ્ત્ર' છે. જેટલી વાર વાંચો એટલી વાર ખાસ કાંઈકને કાંઈક વધારે ઉંડુ નવું જાણવા મળે છે.** પણ વાંચન કરીને પછી એ પ્રમાણે અમલ કરવા માટે પ્રયત્ન કરવો તે મુખ્ય બાબત છે. અને ભગવદ્‌કૃપા પ્રાપ્ત કરવા માટે પૂર્ણ શ્રધ્ધાથી ૧૦૦% શરણાગતિ સ્વીકારવી પડે. શરણાગતિ એ પહેલો નિયમ છે. નિયમ પ્રમાણે જ બધું ચાલે છે. બધા સંવિધાન હોય છે. આખા દેશમાં કાયદા પ્રમાણે જ બધું ચાલે છે ને ? જગત આખામાં કાયદા પ્રમાણે રહીએ છીએ. પાલન કરીએ છીએ. પ્રશ્નાર્થ ચિન્હ લગાવ્યા વગર બધા નિયમો પાળવા પડે છે.

**તો આ જગત જેણે બનાવ્યું છે તેમના દ્વારા બનાવેલા પ્રસ્થાપિત કરેલા નિયમોમાં પાલન કરવામાં ત્યાં પ્રશ્નાર્થ ચિન્હ કેમ લાગી જાય છે.** એવું ના ચાલે. ભવસાગર પાર કરવા માટે ૧૦૦% શરણાગતિ સ્વીકારી માયામાંથી પસાર થવું પડે. ભગવાન તરફ આગળ વધવા પ્રયત્ન કરો એટલે માયારુપી વંટોળિયું આવે જ છે. માયા સાથે ઝઘડો કરવો જ પડે છે. માયા રોજ પ્રહાર કરે છે. ભગવાન સુધી પહોંચવામાં આપણને રસ્તામાં પાડી દે છે. **તો તેના માટે શું કરવું ? તો માયાપતિની શરણાગતિ સ્વીકારવી પડે તો માયાને આસાનીથી પાર કરી શકીશું.** આપણે કોઈકને મળવા ગયા ત્યાં એમના ઘેર પાળેલા કૂતરા હોય તો ભસશે. તમને અંદર જવા નહિ દે. તો એના માટે શું કરવું પડે ? તો તેના માલિકને બોલાવવા પડે. એ આવીને કહે અથવા બાંધી દે પછી જ તમે જઈ શકો. એવી રીતે ભગવાન આગળ જઈએ એટલે ત્યાં માયા ઉભી છે. તે જવા દેતી નથી. તમે ભગવાનને પોકારશો ત્યારે ભગવાન આજ્ઞા કરશે કે એ મારા ભક્ત આવ્યા છે. તેમને જવા દો. ત્યારે જવા મળશે. માટે એક જ નિયમ બનાવી લેવાનો કે ૧૦૦% સાચા દિલથી અંતરમાં નિશ્ચય કરવાનો છે. આગળ વધવા માટે, સાચી શ્રધ્ધાથી નિશ્ચય કરશું તો ભગવાનની 'કૃપા' તો વરસાદની જેમ વરસતી જ હોય છે. બહાર ખૂબ જ વરસાદ આવતો હોય અને જો આપણા પાત્રમાં ટીપુ પણ ના પડ્યું તો કેમ ? તો વાંક આપણો જ હતો. કે આપણે પાત્ર ઉંધુ મૂક્યું હતું. વરસાદ તો ચાલું જ હતો એમ ભગવાનની 'કૃપા' તો ચાલું જ હોય છે. **આપણે સીધો રસ્તો પકડવાની જરૂર છે. દરરોજ સમય કાઢી તપાસ કરવાની છે કે મહારાજની આજ્ઞા ક્યાં ચૂકાઈ જવાય છે.**

●

### આસ્થા

- સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

આ જગતમાં ઘણા માણસોને મનોમન એમ થાય છે કે આ જગતમાં ઈશ્વર જેવું કશું છે જ નહિ. તેઓ વિચારે છે કે શું ખરેખર ઈશ્વર છે ખરો ? ને જો હોય તો તે ઈશ્વર દેખાતો કેમ નથી ? આવા ઘણાંના મનમાં પ્રશ્ન ઉદ્‌ભવે છે કે આ જગતમાં ઈશ્વર છે કે કેમ ? તેનો જવાબ મેળવવા માટે આ સૃષ્ટિ ઉપર નજર દોડાવીએ તો કેટલાક આશ્ચર્ય અને ઐશ્વર્યોનો અનુભવ થશે.

આ માનવનું શરીર બનાવનાર કોણ ? આત્માનો દેનારો કોણ ? મર્યા પછી આત્માનું શું થતું હશે ? આજે કલર લેવા બજારમાં જઈએ છીએ તો પચાસ ટકા કલર પણ ઝાંખા થતા જોવા મળશે. તો પાકો કલર બનાવનાર કોણ ? મોરનો કાગડાનો, પોપટનો, ચકલાનો કલર કોણે બનાવ્યો હશે ? પાંદડાનો પાકો કલર બનાવનાર કોણ હશે? આ પૃથ્વી કોણે બનાવી હશે ? વગેરે વગેરે વસ્તુ હોય તો વસ્તુનો રચયિતા કોણ હશે ? માટીનો ઘડો દેખાય છે તો તેને બનાવનારો કુંભાર તો હોય જ. આ તારાઓને બનાવનાર કોણ ? આ તારાઓને પકડી રાખનાર કોણ ? કુદરતની કરામત તો જુઓ. સૂર્યને આપણાથી જેટલો દૂર રાખવો જોઈએ તેટલો જ દૂર રાખ્યો છે. જો વધારે નજીક રાખ્યો હોય તો આપણે બળી જાત.

બ્લેડ બેંક વિશે તો આપણે જાણીએ છીએ. લોહીની રાખ રખાવટ પાછળ કેટલો ખર્ચ કરવો પડે છે. તો લોહીનો બનાવનાર કોણ હશે ? જો આ વસ્તુ જ હોય તો આ વસ્તુને બનાવનારો તો હોય જ ને ? ત્યારે આપણે કહેવું પડશે કે આ બધી વસ્તુનો બનાવનારો એક ઈશ્વર જ છે. પછી પ્રશ્ન થાય કે બનાવનાર ઈશ્વર હોય તો એ ઈશ્વર દેખાતો કેમ નથી ? એ માટે પુરાણોમાં ઈશ્વર વિશે કહેવાયું છે કે અત્ર તત્ર સર્વત્ર ના અણું અણું અને કણ કણમાં ઈશ્વરનો વાસ છે. તો એ ઈશ્વર આપણને દેખાતો કેમ નથી? દૂધમાં માખણ રહેલું છે પણ દેખાતું નથી. મીઠાઈમાં ખાંડ રહેલી છે પણ દેખાતી નથી. પણ ખાઈએ

ત્યારે આનો અનુભવ જરૂર થાય. એ વાત કબુલ પણ એ અનુભવે તો ઈશ્વર દેખાતો કેમ નથી ? તમે ગીતા વાંચી હશે. ગીતામાં અર્જુન પોતાના સારથી શ્રીકૃષ્ણને કહે છે કે રથ બન્ને સેનાની મધ્યમાં લઈ લ્યો. ક્રિકેટર જેમ પીચનું નિરીક્ષણ કરે તેમ અર્જુને દુશ્મન બળનું નિરીક્ષણ કર્યું. એ સમયે પોતાના સંબંધીઓને જોઈને અર્જુનનું મન પાછું પડી ગયું. ભગવાને ઉપદેશ ઘણો આપ્યો પણ અસર ન લાગતાં પ્રભુએ વિરાટ સ્વરૂપ ધારણ કરીને અર્જુનને કહ્યું તું મને જોઈ લે. ત્યારે અર્જુન બે બાકળો બની ગયો. તેમને સ્થળ રૂપે જોતો હતો. પણ હવે નથી જોઈ શકતો. ત્યારે ભગવાને અર્જુનને કહ્યું મને જોવા માટે તારી આ ચામડીની આંખો નકામી છે. ભગવાને દિવ્ય ચક્ષુ આપ્યા પછી જ જોઈ શકતો.

કોઈપણ ઈશ્વરના અવતાર પાછળ તમને સૂર્ય જોવા મળશે. તે શું દર્શાવે છે તે ઈશ્વરનો જ એક અંશ છે. એ સૂર્ય સામે આપણે ન જોઈ શકતા હોઈએ તો આપણી આંખો અંજાઈ જતી હોય તો હજારો સૂર્યનું તેજ પણ ઝાંખું પડી જાય તેવું તેજ ધરાવનાર પરબ્રહ્મ પરમાત્માના દિવ્ય અને સાકાર સ્વરૂપને જોવાની આપણી ચામડાની આંખનું તેજ તેના તેજને ક્યાંથી જીરવી શકે ? તેથી પરબ્રહ્મ પરમાત્માને આ સ્થૂળ આંખ જોઈ શકતી નથી. જો પાત્રતા કેળવીએ તો તેનો અંતરથી અનુભવ જરૂર કરી શકાય. આપણા શરીરમાં હૃદયને સાચવવાં હાડકાનાં પાંસળાનું કવચ કર્યું. જેથી તેને ઈજા ન થાય. તે ઈશ્વરની સુરક્ષા કેવી સરસ કરી છે. સૂર્ય, ચંદ્ર, તારાઓ કોને પ્રતાપે ઝળહળે છે.

વળી શ્રીજી મહારાજે ગઢડા પ્રથમ પ્રકરણના ૨૭ માં વચનામૃતમાં કહ્યું છે કે, ‘‘આ પૃથ્વી જેની રાખી સ્થિર રહે છે અને ડોલાવી ડોલે છે તથા તારા મંડળ જેનું રાખ્યું અધ્ધર રહ્યું છે. તથા જેના વરસાવ્યા મેઘ વરસે છે. તથા જેની આજ્ઞાએ કરીને સૂર્ય ચન્દ્ર ઉદય અસ્તપણાને પામે છે. તથા ચંદ્રમાની કળા વધે ઘટે છે. તથા પાળ વિનાનો સમૃદ્ધ જેની મર્યાદામાં રહે છે. તથા જળના બિંદુમાંથી મનુષ્ય ઉત્પન્ન થાય છે. અને તેને હાથ, પગ, નાક, કાન એ આદિક દશ ઈન્દ્રિયો થાય છે. તથા આકાશને વિષે અધ્ધર જળ રાખી મૂક્યું છે અને તેમાં ગાજવીજ થાય છે. એવાં અનંત ઐશ્વર્ય છે તે સર્વે મને મળ્યા એવા જ ભગવાન તેના કર્યા જ થાય છે. માટે ભગવાન છે અને તે પણ સાકાર છે. આવું ફલિત થાય છે. માટે આપણે મળેલા એવા જે ભગવાન તેના કર્યા જ થાય છે.

કેટલાક એમ કહે છે, ‘‘ઈશ્વર જેવું કાંઈ છે જ નહી. તો એને એટલું જ કહેવાનું કે બકરાની લીંડીઓ એક સરખી બહાર આવે છે. તેમજ પતંગિયાના પેટમાં બત્તી તેમાં જનરેટર વાયરીંગ, સ્વીચ ક્યાં ગોઠવ્યા હશે ? તે કોઈ શોધી શક્યું નથી. નાળિયેરીના ઉંચા વૃક્ષ પર લાગતું નાળિયેર તેનું પોષણ કરી આટલે ઉંચે કાચલામાં ટોપરૂ અને અમૃત સમા જળ કોને મૂક્યા ? નાની એવી કીડીના આંતર ને કોણે ઘડ્યા ? લીંબડાના વૃક્ષની ડાળો, થડ, પાંદડા, કોર આ બધું જ કડવું ને લીંબોળી પાકે ત્યારે તેની વચ્ચે મીઠાશ મૂકી કોણે ? સૂકું કે લીલું ઘાસ ખાઈને પ્રાણીઓ આપણને દૂધ આપે છે. તે ચારાનું સફેદ દૂધમાં કેવી રીતે પરિવર્તન થઈ જતું હશે ? પ્રાણીઓના આંચળમાં ટાંચણી વાગી ગઈ હોય તો લોહી નીકળે છે. જ્યારે તેની મધ્યે આ દૂધની વ્યવસ્થા કેવી રીતે ગોઠવી હશે ? આ બધાં આશ્ચર્યો નિહાળતાં ભગવાનનો અપરંપાર મહિમાં આપણે સમજી શકીએ છીએ. અને ભગવાન છે ને છે જ. માટે સર્વત્ર, સર્વદા, સર્વથી ભગવાન રક્ષક છે જ એવો આસ્તિક ભાવ રાખીને દંઢતા કરવી. આસ્થા એક ભગવાનની જ રાખવી. હું ઈષ્ટદેવનો ભક્ત છું. અને ભગવાન મારી સાથે છે. એ ભૂલવું ન જોઈએ. સુખનું સ્થાન કેવળ ભગવાન જ છે. એમ આસ્થા રાખીને ભગવાનની ભક્તિ કરી જીવન ભગવાનને સમર્પિત કરી દેવું.

●

## ધર્મકૂળ

- કુન્દનબા નાગદાન સોની (રાજુલાવાળા)

જય સ્વામિનારાયણ... આ જગતના અમુક અજ્ઞાની લોકો એવું બોલે છે કે ‘‘ધર્મ પાળે તે ધર્મકુળ’’ હવે આને શું કહેવું ? જો અજ્ઞાની જ હોય તો ક્ષમાને પાત્ર છે. પણ એને ચોખ્ખું સમજાવવું જરૂરી છે કે કુળ કોને કહેવાય. કુળ એટલે ખાનદાન દરેકનું ખાનદાન એક અટકથી (સરનેમ) ઓળખાતું હોય છે. જે તેના પૂર્વજોના નામથી શરૂ થઈ હોય છે. જેમ કે શ્રીકૃષ્ણ પ્રભુના વારસો આજે પણ યાદવકુળ કહેવાય છે. શ્રીરામચંદ્ર પ્રભુના વારસો રઘુકુળ તરીકે ઓળખાય છે. એજ રીતે આપણે સહુ જાણીએ છીએ કે શ્રી ધર્મદેવના પુત્રો ધર્મકુળ તરીકે ઓળખાય છે અને ધર્મદાદાના ત્રણ પુત્રોમા મોટા રામપ્રતાપજી

મહારાજ. વચેટ આપણા ઈષ્ટદેવ સર્વોપરી શ્રી ઘનશ્યામ મહારાજ અને નાના શ્રી ઈચ્છારામજી મહારાજ. હવે મોટાભાઈ તથા નાના ભાઈએ લગ્ન કરેલા પણ આપણા શ્રી ઘનશ્યામ પ્રભુએ ગૃહસ્થાશ્રમ કરેલો નહીં. તેથી બન્ને ભાઈના એક એક પુત્રને ઘનશ્યામ મહારાજ પ્રભુએ દત્તક લીધેલા (ખોળે લીધેલ) અને આપણા સંપ્રદાયની બે ગાદી સ્થાપીને આચાર્યપદે નિમેલા અને એમનો જે પરિવાર તે ધર્મદાદાના નામથી ધર્મકુળ કહેવાય. આટલી સાદીને સ્પષ્ટ વાતમાં જો ડખો થતો હોય ને ભોળા ભક્તો ભરમાતા હોય તો થોડી સ્પષ્ટતા જરૂરી છે કે જે ધર્મ પાળે તેને ધાર્મિક જરૂર કહેવાય પણ ધર્મકુળ ન કહેવાય. ઉપર કહ્યું તેમ કુળ એ એક ધરોહર છે. ખાનદાન છે. અને ધર્મ તો ઘણાં હોય છે. કોઈ પારસી હોય કોઈ જૈન હોય વગેરે તો ધર્મ જેનો જે પ્રમાણે આજ્ઞા કરે તે પ્રમાણે તેઓ ધર્મ પાળતા હોય છે. અને એને આપણે ધાર્મિક કહીએ છીએ. પણ તેને ઈષ્ટદેવના પુત્ર કહેતા નથી. કારણ કે ધર્મ તો આખી સૃષ્ટિ પાળે છે તો આખી સૃષ્ટિને કાંઈ ભગવાનના પુત્ર કહેતા નથી. તેઓ ભક્તો કહેવાય અથવા ધાર્મિક કહેવાય. પણ જે કુળ છે જે ખાનદાન છે તે તો ગમે તેટલી પેઢી થાય તો પણ તે બદલાતું નથી. એજ રીતે ઘનશ્યામ મહાપ્રભુના પિતાશ્રીના નામથી આ ત્રણેય ભાઈઓના પરિવારને ધર્મકુળ કહેવાય છે. અને આ તેમની પેઢી દર પેઢીની ધરોહર છે. ખાનદાન છે. તે સ્પષ્ટ સમજવું જરૂરી છે. કારણ કે તે પરમ સત્ય છે.

●

## "સાયંકાળે કેવળ પ્રભુ ભજન કરો"

- લાભુબેન મનુભાઈ પટેલ (કુંડાળ, તા. કડી)

સાયંકાળનો સમય અતિ અશુભ છે. આપણા ભારતીય શાસ્ત્રો બોલે છે. સંધ્યા કાળના અશુભ સમયમાં ક્યારેય શયન નહિ કરો. સંધ્યા કાળના સમયે બુદ્ધિના માલિક દેવ ભગવાન સૂર્યનારાયણ અસ્ત પામેલ છે અને મન ના માલિક દેવ ચંદ્રનો ઉદય થયેલ ન હોય, માટે એવા કાળમાં શ્રી નારાયણનું ધ્યાન-ભજન, આરતી-કીર્તન, કથા-વાર્તા ઈત્યાદિક ભગવદ્ સંબંધી જ બધી ક્રિયા કરો. વ્યવહારિક કોઈ કાર્ય ન કરો.

ભગવાન શ્રી સ્વામિનારાયણે દૈત્ય માતા દિતિની આ કથા ઉપરથી શિક્ષાપત્રીમાં કલમ લખી કે :

भगवन्मंदिरं सर्वैः सायं गन्तव्यभन्वहम् ।।
नाम संकीर्तन कार्य, तत्रोच्चैः राधिकापतेः ।।૬૪।।

પ્રભુએ આજ્ઞા કરી કે દરેક ભક્તજનો, સ્વામિનારાયણના આશ્રિતો એકલા માટે જ આ શ્લોક નથી. એ તો ખાસ ભારપૂર્વક લખે છે. भगवन्मंदिरं सर्वै દરેક માનવીએ પોત પોતાના ઈષ્ટદેવના મંદિરમાં જઈને સંધ્યાકાળે પરમાત્માના નામનું ઉચ્ચ સ્વરે રટણ કરવું, આરતી, ધૂન-સ્તોત્ર પાઠ, પ્રાર્થના ઈત્યાદિક પણ આ સમયે કરવું. ભગવાન શ્રી સ્વામિનારાયણનું માનસ તો અતિ વિશાળ હતું. તેથી જ તેઓએ આ શ્લોકમાં મનુષ્ય માત્રનું હિત થાય એવી સાર્વજનિક આજ્ઞા કરી છે. સંધ્યા કાળે ભજન-પ્રભુ નામ સ્મરણ ઈત્યાદિ કરવાને બદલે શયન કરવાથી, દિતિને કેવું વિપરીત દુઃખદાયક ફળ મળ્યું તે આપણે શાસ્ત્રમાંથી જાણ્યું. સંધ્યાકાળે શયન કરવાથી કૈકેયીને કેવાં મીઠાં-ફળ મળ્યાં તે રામાયણાદિ શાસ્ત્રોથી જાણવા મળે છે.

આજે તો માણસ બરાબર સંધ્યાકાળે જ બાગ-બગીચામાં ફરવા જાય છે. ક્લબોમાં પત્તા રમવાં અને ખાણી-પીણીનો કહેવાતો આનંદ માણવા જાય છે. હવાખાવા તથા કુદરતનો આનંદ માણવા બાગ-બગીચા-ઉપવનોમાં ફરવા જવું એ ઠીક છે પણ સંધ્યાકાળે જે વ્યક્તિ પરમાત્માનું મંદિર છોડી ગાર્ડનમાં હવા ખાય છે, પછી એની જીંદગીમાં હવા ખાવાનું જ બાકી રહે છે. આપણે જાણીએ છીએ કે મહાત્મા ગાંધીજી પણ સાયંકાળે તેમની સમૂહ પ્રાર્થના કરતાં, ગીતા પાઠ કરતા અને;

**"રઘુપતિ રાઘવ રાજા રામ,**
**પતિત પાવન સીતારામ,**
**ઈશ્વર-અલ્લા તેરે નામ,**
**સબકો સન્મતિ દે ભગવાન."**

એ સુવિખ્યાત રામધૂન-બોલતાં અને સર્વેને બોલાવતાં. આપણે આપણું કર્તવ્ય સંધ્યાકાળનું વિચારીએ અને ઉત્સાહ પૂર્વક, ચિવટથી સાંયકાળના સમયનો ઉપયોગ ભગવદ્ -ભજન-કીર્તન-સમૂહધૂન, સ્તોત્ર પાઠ ઈત્યાદિ શુભ ભક્તિ ક્રિયા મંદિર જેવા પવિત્ર વાતાવરણમાં જઈને કરીએ અને પાવન થઈએ.

# સત્સંગ સમાચાર

### શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ધનુર્માસ ધૂન મહોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. પૂજ્ય મહંત શાસ્ત્રી સ્વામીશ્રી નિર્ગુણદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ખાતે તા. ૧૬ ડિસેમ્બરથી ૧૪ જાન્યુઆરી પર્યન્ત પવિત્ર ધનુર્માસમાં વહેલી સવારથી જ સર્વોપરી શ્રી સ્વામિનારાયણ મહામંત્રની અખંડ ધૂનનું અલૌકિક આયોજન પ્રસાદીના ભવ્ય સભા મંડપમાં થયું હતું. સંતો-હરિભક્તો કોરોના મહામારીના કારણે સરકારની ગાઈડ લાઈન મુજબ અંતર રાખીને ભગવાન શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા હતા. દર વર્ષની જેમ આ વરસે કોરોના હોવા છતાં ભક્તોની શ્રધ્ધામાં કોઈ ઓટ ન હોતી આવી. આખા માસની ધૂનના યજમાનો દર વર્ષની જેમ ઘણાજ થયા હતા. દૈનિક ધૂનો પણ હરિભક્તો દ્વારા ઘણી થઈ હતી. માસિક ધૂન લખાવનારને સુંદર મજાની ગરમ શાલ અને પ્રસાદ વહેંચવામાં આવેલ. ડિસેમ્બરના છેલ્લા વિકમાં ઠંડીનું જોર વધતા છતાં શ્રધ્ધાળું પ્રેમી ભક્તો નિત્યે સમયસર ધૂનમાં લાભ લેવાનું ચૂકતા ન હતા. ધૂનમાં પ્રસાદની વિવિધ સેવામાં સંત, પાર્ષદો અને હરિભક્તોએ સુંદર સેવા કરી ઠાકોરજીનો રાજીપો મેળવ્યો હતો.

(ચંપકભાઈ દરબાર)

### અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી નરનારાયણદેવ આદિ દેવોના થાળ-રસોઈની યાદી

| વિગત | થાળ | રસોઈ |
|---|---|---|
| ચુરમાના લાડુ | રૂા. ૨,૦૦૦/- | રૂા. ૧૦,૦૦૦/- |
| મગશના લાડુ | રૂા. ૨,૦૦૦/- | રૂા. ૧૦,૦૦૦/- |
| બુંદીના લાડુ | રૂા. ૨,૦૦૦/- | રૂા. ૧૦,૦૦૦/- |
| મોતીયા લાડુ | રૂા. ૨,૦૦૦/- | રૂા. ૧૦,૦૦૦/- |
| મોહન થાળ | રૂા. ૨,૦૦૦/- | રૂા. ૧૦,૦૦૦/- |
| મગશ-પુરી | રૂા. ૨,૫૦૦/- | રૂા. ૧૫,૦૦૦/- |
| માલપુવા | રૂા. ૨,૫૦૦/- | રૂા. ૧૫,૦૦૦/- |
| દુધપાક પુરી | રૂા. ૨,૫૦૦/- | રૂા. ૧૫,૦૦૦/- |
| અડદીયાનો થાળ | રૂા. ૨,૫૦૦/- | રૂા. ૧૫,૦૦૦/- |
| સાટાનો થાળ | રૂા. ૨,૫૦૦/- | રૂા. ૧૫,૦૦૦/- |
| શીખંડ પુરી | રૂા. ૩,૫૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- |
| ડ્રાયફ્રુટ હલવો | રૂા. ૩,૫૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- |
| બાસુંદી પુરી | રૂા. ૩,૫૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- |
| દૂધપાક-માલપૂવા | રૂા. ૩,૫૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- |
| ગુલાબ જાંબુ | રૂા. ૪,૦૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- |
| જલેબી | રૂા. ૪,૦૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- |
| મૈસુબ | રૂા. ૪,૦૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- |
| કાજુ બદામ મૈસુબ | રૂા. ૫,૦૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- |
| રસપુરી | રૂા. ૫,૦૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- |
| સત્તર ધામનો થાળ | રૂા. ૩,૦૦૦/- | |

**કાયમી અનામત થાળ** **રૂા. ૧૦,૦૦૦/-**

**કાયમી અનામત થાળ (સાંજના)** **રૂા. ૫,૦૦૧/-**

**ઠાકોરજીના સાંજના થાળના રૂા. ૫૦૦/-**

**Mo. : 8238001666**

## શ્રી સ્વામિનારાયણ માસિકના સર્વે સભ્યોને સૂચન

નોંધ : જેઓએ ફોર્મની માહિતી મોકલી આપેલ છે તેમણે ફરીવાર મોકલવી નહી કે ફોનથી જણાવવું નહીં. જેમને માહિતી મોકલવાની બાકી છે તેમણે સત્વરે મોકલી આપવા ખાસ અનુરોધ છે.

# અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

| તિથિ | રસોઈ આપનાર | ગામ |
|---|---|---|
| કારતક સુદ-૩ | પ.ભ. સોની કૃષ્ણકાંત કાંતિલાલ (ચુરમાના લાડુ) | સાણંદ |
| કારતક સુદ-૩ | ત્રિવેદી નિર્મળાબેન ભગવતીપ્રસાદ (ચુરમાના લાડુ) | |
| કારતક સુદ-૩ | અ.નિ. રામજી શામજી હિરાણી (મૈસુબ) | રામપર વેકરા-કચ્છ |
| કારતક સુદ-૫ | પૂજારા રમેશભાઈ (દૂધપાકપુરી) | અમદાવાદ |
| કારતક સુદ-૫ | પટેલ ડાહ્યાભાઈ નારણદાસ (મોહનથાળ) | માણસા |
| કારતક સુદ-૫ | સહજ વિશાલભાઈ પટેલ (ચુરમાના લાડુ) | ઓસ્ટ્રેલીયા |
| કારતક સુદ-૫ | પાટડીયા ચેતનાબેન હસમુખભાઈ (મોહનથાળ) | |
| કારતક સુદ-૬ | ભેંસાણીયા કિરીટભાઈ જાગાભાઈ (અડદીયો) | અમદાવાદ |
| કારતક સુદ-૧૧ | પટેલ દિવ્યાનીબેન કેતનભાઈ અશોકભાઈ (બુંદી) | ઉંઝા |
| કારતક સુદ-૧૨ | બ્રહ્મભટ્ટ મોનિકાબેન સંદિપભાઈ (દૂધપાકપુરી) | લંડન |
| કારતક સુદ-૧૨ | પટેલ પિયુષભાઈ રણછોડભાઈ (મોહનથાળ) | અમદાવાદ |
| કારતક સુદ-૧૨ | વઘાસીયા રોનક બીનિતા-રિયાન (ડ્રાઈફ્રુટ હલવો) | અમદાવાદ |
| કારતક સુદ-૧૨ | પટેલ રમેશભાઈ અંબાલાલ (મગસ) | ગવાડા |
| કારતક સુદ-૧૨ | પટેલ તારાબેન રમેશભાઈ (ડ્રાઈફ્રુટ હલવો) | રાણીપ |
| કારતક સુદ-૧૨ | અ.નિ. સાંખ્યયોગી કંકુબા (બુંદી) | જેતલપુર |
| કારતક સુદ-૧૨ | પટેલ રમેશભાઈ મગનદાસ (મોહનથાળ) | અમદાવાદ |
| કારતક સુદ-૧૨ | પટેલ સરલાબેન નરેશભાઈ (ડ્રાઈફ્રુટ હલવો) | શિકાગો |
| કારતક સુદ-૧૨ | પટેલ દીપ ઈન્દ્રવદનભાઈ (મગસ) | ઉંઝા |
| કારતક સુદ-૧૨ | રસિકભાઈ કાંતિલાલ (મોહનથાળ) | ઝુલાસણ |
| કારતક સુદ-૧૩ | દશરથભાઈ ત્રિભોવનદાસ (મગસ) | કરજીસણ |
| કારતક સુદ-૧૪ | જયંતીભાઈ બી. પટેલ (મોતૈયા લાડુ) | અમદાવાદ |
| કારતક સુદ-૧૪ | સોની હરિદર્શનભાઈ લાલભાઈ (ગુલાબજાંબુ) | અમદાવાદ |
| કારતક સુદ-૧૪ | ડાભી પુષ્પાબેન જગદીશભાઈ (મોહનથાળ) | અમદાવાદ |
| કારતક સુદ-૧૪ | પટેલ જીલ રૂપેશભાઈ (દૂધપાકપુરી) | અમદાવાદ |
| કારતક સુદ-૧૫ | બ્રહ્મભટ્ટ સુધાબેન કિરણભાઈ (મગસ) | અમદાવાદ |
| કારતક વદ-૧ | અ.નિ. અંબાલાલ ચતુરભાઈ પટેલ (મગસ) | ઝુંડાલ |
| કારતક વદ-૩ | પટેલ જ્યોત્સનાબેન સી. (ડ્રાઈફ્રુટ હલવો) | ઝુંડાલ |
| કારતક વદ-૪ | અ.નિ. વિરબાઈ કરશન વરસાણી (મગસ) | માનકુવા-કચ્છ |
| કારતક વદ-૪ | અ.નિ. સોની નિર્મળાબેન માણેકલાલ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| કારતક વદ-૪ | અ.નિ. ચૌધરી જોઈતાભાઈ માધવજી (મગસ) | બાલવા |
| કારતક વદ-૫ | શ્રી ઝુંડાલીયા હનુમાનજી નૂતન મંદિર ખાતમુહૂર્ત પ્રસંગે (અડદીયો) | ઝુંડાલ |
| કારતક વદ-૫ | અ.નિ. ભક્તિભાઈ રામદાસ પટેલ (ચુરમાના લાડુ) | કુકરવાડા |
| કારતક વદ-૬ | વાઘેલા શિલાકુમારી મહેન્દ્રભાઈ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| કારતક વદ-૭ | પટેલ ચેતન ગોરધનભાઈ (મગસ) | અમદાવાદ |
| કારતક વદ-૭ | અ.નિ. દેવજી કાનજી કેરાઈ (ચુરમાના લાડુ) | રામપર-કચ્છ |
| કારતક વદ-૭ | કામદાર મયંકભાઈ ધીરેનભાઈ (અડદીયો) | પોરબંદર |
| કારતક વદ-૮ | મીત જયંતીભાઈ પટેલ (મગસ) | ઝુંડાલ |
| કારતક વદ-૮ | પટેલ રીટાબેન રાજેશભાઈ (બુંદી) | બાયલ |
| કારતક વદ-૮ | ગજ્જર ઈન્દુબેન વાસુદેવભાઈ (મોહનથાળ) | અમદાવાદ |
| કારતક વદ-૮ | અ.નિ. પીંડોરીયા રવિલાલ નાનજીભાઈ (મોહનથાળ) | ગોધરા-કચ્છ |
| કારતક વદ-૯ | ક્યાડા જીતેન્દ્ર ઉમાકાંતભાઈ (બુંદી) | અમદાવાદ |
| કારતક વદ-૯ | પટેલ વિપુલભાઈ ગોરધનભાઈ (મગસ) | અમદાવાદ |
| કારતક વદ-૧૦ | અ.નિ. મણી ફઈબા ગુરુ સાંખ્યયોગી ગોદાવરીબા (મગસ) | અમદાવાદ |
| કારતક વદ-૧૩ | પટેલ નાગરભાઈ એન. (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| કારતક વદ-૧૩ | અ.નિ. અરજણ કરશન વાઘજીયાણી (મગસ) | અમદાવાદ |
| કારતક વદ-૧૩ | એપિક પ્રિન્ટર્સ (મગસ) | અમદાવાદ |
| કારતક વદ-૧૩ | પરમાર વિજેતાબેન ચંદ્રકાંતભાઈ (મોહનથાળ) | જીરાગઢ |
| કારતક વદ-૧૩ | પટેલ રેખા ચંદ્રેશ એમ. (મગસ) | જીરાગઢ |
| કારતક વદ-૧૪ | પટેલ હેલી પાર્થ (દૂધપાક-માલપુંવા) | કેનેડા |
| કારતક વદ-૧૪ | ધ્રુવિન જયેશભાઈ પટેલ (ચુરમાના લાડુ) | જેતલપુર |
| કારતક વદ-૩૦ | હરિૐ પરિવાર (ચુરમાના લાડુ) | સરસપુર |

# શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

**પ.પૂ. મોટા મહારાજશ્રી અને સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી શ્રીજી પ્રસન્નાર્થે**

૧૫૦૧/- કાચા ટેલર પરિવાર કાચા લક્ષ્મણભાઈ, રમણીકભાઈ, મુરજીભાઈ, ચંદુભાઈ, વિનોદભાઈ, પ્રકાશભાઈ આર, પ્રકાશ એમ. કપીલ, સૂરજ, કુલદિપ, આકાશ, કર્નલ, પૃથ્વીરાજ ચૌહાણ, સહજ, વિહાન, જીયાન આદિ પરિવાર — લેસ્ટર
૫૫૫/- પ.પૂ. મોટા મહારાજશ્રીના રાજીપા અર્થે ભૂડીયા કાંતિલાલ કેસરા — ઈસ્ટ લંડન-ફોટડી(કચ્છ)
૫૫૫/- પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીના રાજીપાઅર્થે અ.સૌ. જસવંતીબેન કાંતિલાલ ભૂડીયા — ઈસ્ટ લંડન-ફોટડી(કચ્છ)
૫૦૦/- પટેલ તુલસીબેન શ્રીહરિ અને ધર્મકુળ પ્રસન્નાર્થે — ઈસ્ટ લંડન
૧૦૧/- અ.નિ. હંસાબેન હર્ષદભાઈ પટેલ માસિક પુણ્ય તિથિ નિમિત્તે — દહેગામ
૧૦૧/- વીણાબેન અ.નિ. પટેલ મનુભાઈ શનાભાઈ માસિક પુણ્ય તિથિ નિમિત્તે — દહેગામ
૧૦૦/- અ.નિ. પટેલ ભીખાભાઈ જગદીશભાઈ પુણ્યતિથિ નિમિત્તે — દહેગામ
૧૦૦/- મેવાડા રમેશભાઈ અ.નિ. ભાણો અશ્વિનભાઈ ધીરૂભાઈના સ્મરણાર્થે — જાબુંડાવાળા
૫૦૦/- પરમાર જગદીશ બચુલાલ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે — ધૂળકોટ-નાઈરોબી
૧૦૦/- બારોટ ધર્મિષ્ઠાબેન બળદેવભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — ઝુલાસણ
૧૦૦/- કોઠારી બળદેવભાઈ વિસાભાઈ પટેલ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે — ડાંગરવા
૧૫૧/- પટેલ વિસાભાઈ ચતુરદાસ શ્રીજી પ્રસન્નાર્થે — ડાંગરવા
૩૦૦/- પટેલ નંદુબેન ડાહ્યાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — ડેમાઈ
૧૦૦/- પટેલ દીપ પંકજભાઈ જન્મ દિને — આકરૂંદ
૨૦૦/- પટેલ સૃષ્ટિ રાહુલકુમાર જન્મ દિને — ડેમાઈ
૧૦૨/- ઠક્કર અંકિતકુમાર નટવરલાલ જન્મ દિને — અમદાવાદ
૨૦૦/- મોદી પરેશચંદ્ર મુકુંદચંદ્ર પ્રબોધિની એકાદશી નિમિત્તે — અમદાવાદ
૧૦૦/- અ.નિ. ભાવસાર ભરતભાઈ રમણલાલના સ્મરણાર્થે — અમદાવાદ
૨૦૦/- પટેલ અરવિંદભાઈ ત્રિકમદાસ ચિ. નયનાના જન્મ દિને — કરજીસણ
૨૦૧/- પટેલ પિયુષકુમાર રામાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — સૂકાટીંબા
૨૫૧/- પટેલ સુભદ્રાબેન પોપટલાલ ચિ. મિત અને અભિની સગાઈ નિમિત્તે — કડી
૫૦૦/- ચિ. મિતના લગ્ન પ્રસંગે — ઝુંડાલ
૧૦૦/- દરજી કીર્તિકુમારભાઈ લાલભાઈના સ્મરણાર્થે — અમદાવાદ
૫૦૧/- પટેલ ભાઈલાલભાઈ ખેમાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — જાનવડ
૫૦૧/- પટેલ મણીબેન લખીદાસ શ્રીજી પ્રસન્નાર્થે — જાનવડ
૫૦૦/- પટેલ પ્રવિણકુમાર જે. શ્રીજી પ્રસન્નાર્થે — જાનવડ
૧૦૦/- પટેલ રણછોડભાઈ દેવજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — આણંદપુર
૨૦૦/- પટેલ અનિતાબેન મુકેશભાઈ ચિ. કુશાલના જન્મ દિને — વાવોલ
૫૦૦/- પટેલ ધ્રુવ દિનેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — અમદાવાદ
૧૧૧/- નાગર નવિનચંદ્ર બાલુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — ઝિંઝુવાળા
૧૦૦/- દરજી મનોજભાઈ એ. શ્રીજી પ્રસન્નાર્થે — નરોડા
૧૦૦/- ચૌધરી હેરી ઘનશ્યામભાઈ જન્મ દિને — આમજા
૨૦૦/- ચૌધરી કેસરબેન જગદીશભાઈ ગેમરભાઈના સ્મરણાર્થે — માણેકપુર
૧૦૦/- ચૌધરી સવિતાબેન વિષ્ણુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — સોલૈયા
૫૦૦/- પટેલ ભાવિનકુમાર મનુભાઈ ચિ. હિયાનના જન્મ દિને — ઉણ્ણાવા
૧૦૦/- મોદી અમૃતલાલ મગનલાલ શ્રીજી પ્રસન્નાર્થે — અમદાવાદ
૧૦૦/- મોદી વિનુભાઈ નાથાલાલ શ્રીજી પ્રસન્નાર્થે — અમદાવાદ
૫૦૦/- પટેલ મયંકકુમાર નાથાલાલ એડીલેડમાં મકાન નિમિત્તે — વિહાર
૨૦૦/- અ.નિ. પટેલ પ્રવિણભાઈ નરસીભાઈના સ્મરણાર્થે — આકરૂંદ
૧૧૧૧/- પટેલ સૌમીલ દિપકભાઈ રાવજીભાઈ કેનેડામાં નવા મકાન નિમિત્તે — દેઉસણા
૨૦૦/- પટેલ ઉષાબેન મોન્ટુકુમાર આનવીના જન્મ પ્રસંગે — દેઉસણા
૫૦૧/- પટેલ સરોજબેન એન. નવા મકાનના વાસ્તુ નિમિત્તે — કણભા
૧૦૦/- મોદી હેનીસ ભરતભાઈ જન્મ દિને — સાબરમતી
૫૦૦/- જાદવ ધ્રુવપાલ અજમલભાઈ એમ. લગ્ન પ્રસંગે — રતનપર
૧૦૦/- અ.નિ. પટેલ પ્રેમજીભાઈ છગનભાઈના સ્મરણાર્થે — બાયડ
૫૦૦/- કથીરીયા કંદર્પ તૃપેશભાઈ જન્મ દિને — અમદાવાદ
૧૦૦/- પટેલ ચેતનભાઈ રસિકલાલ શ્રીજી પ્રસન્નાર્થે — ડાંગરવા
૨૫૦/- પટેલ શૈલેષભાઈ ઘનશ્યામભાઈ શુભમને કેનેડા વિઝા નિમિત્તે — વડુ
૫૦૦/- પટેલ સીમાબેન રાકેશભાઈના સ્મરણાર્થે — લાલોડા
૫૦૦/- પટેલ મયંકભાઈ ભરતભાઈના સ્મરણાર્થે — સાપાવાડા
૧૪૮૮/- સુષ્માબેન અને યોગેશકુમારના લગ્ન પ્રસંગે — કાચાટેલર્સ-લેસ્ટર
૧૦૧/- સોની હેતલબેન ઘનશ્યામભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — ઝુલાસણ
૧૦૧/- ઠાકોર હિરાબા હલુજી શ્રીજી પ્રસન્નાર્થે — ઝુલાસણ
૧૦૧/- પટેલ છનાભાઈ પ્રહલાદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — ઝુલાસણ
૧૦૧/- પટેલ મનોરમાબેન પિયુષકુમાર શ્રીજી પ્રસન્નાર્થે — સૂકાટીંબા
૧૦૦/- પટેલ મોહિલકુમાર પંકજભાઈ પ્રથમ એનિવર્સરી નિમિત્તે — રાણીપ
૧૦૦/- પટેલ ચંદ્રિકાબેન ગોકુલભાઈ ચિ. પ્રિન્સના જન્મ દિને — બાપુનગર
૧૦૦/- પટેલ ડિમ્પલબેન ભાવિકબાઈ ચિ. પ્રિન્સના જન્મ દિને — બાપુનગર
૧૧૦૦/- ખેર પરમાર જયેન્દ્રસિંહ વજેસિંહ નવા આવાસમાં ગૃહ પ્રવેશ નિમિત્તે — બળોલ-ભાલ
૧૦૦/- સોની ઈશાન ધવલ જન્મ દિને — અમદાવાદ
૨૦૦/- પટેલ ઉષાબેન જયંતીભાઈ સારા સ્વાસ્થ્ય નિમિત્તે — વહેલાલ
૧૫૧/- અમીન ગોપીબેન જસ્મિનભાઈ જન્મ દિને — અમદાવાદ
૧૦૦/- પટેલ નારણભાઈ જેશંગદાસના સ્મરણાર્થે — સોજા
૧૦૧/- ભાવસાર રાજેશ પ્રવિણભાઈ સગાઈ નિમિત્તે — ચાંદખેડા
૧૦૧/- અ.નિ. પટેલ જોઈતાભાઈ આત્મારામના સ્મરણાર્થે — ઝુલાસણ
૧૦૧/- અ.નિ. પટેલ પ્રવિણભાઈ જોઈતારામના સ્મરણાર્થે — ઝુલાસણ
૪૫૦૦/- પરમાર હિરાબેન અરજણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — બળોલ-ભાલ
૮૦૦/- પરમાર મિતલબેન ક્રિપાલસિંહ શ્રીજી પ્રસન્નાર્થે — બળોલ-ભાલ
૧૦૦/- રૂપાવટીયા કાવ્યાબેન મયુરભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — અમદાવાદ
૧૦૦/- રૂપાવટીયા હરલીનબેન પ્રિયંકભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — અમદાવાદ
૧૦૦/- પટેલ સુજલકુમાર અલ્પેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — અમદાવાદ
૧૦૦/- પટેલ નીતિબેન અલ્પેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — અમદાવાદ
૧૦૦/- પટેલ જયનીશ કમલેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — અમદાવાદ
૧૦૦/- મોરી ભલાભાઈ મોતીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — કાલીયાણા
૧૦૧/- પટેલ અરવિંદભાઈ ત્રિકમદાસ શ્રીજી પ્રસન્નાર્થે — કરજીસણ
૨૦૧/- રાઓલ શૌર્યરાજસિંહ વિશ્વજીતસિંહ જન્મ પ્રસંગે — મિતલી
૧૦૧/- ભાવસાર નીલ રાજેન્દ્રકુમાર જન્મ દિને — અમદાવાદ
૧૦૧/- ભાવસાર યશ રાજેન્દ્રકુમાર જન્મ દિને — અમદાવાદ

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.












૧. નારાયણપુરા મંદિરમાં ચતુર્માસના દર્શન. ૨.ગાંધીનગર સેક્ટર-૨ મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક તથા અન્નકૂટ દર્શન.૩. મથુરા મંદિરમાં ઠાકોરજીના અન્નકૂટ દર્શન, બાળ ભોજન તથા તુલસી વિવાહ કરતા હરિભક્તો.

Registered under RNI is - GUJ GUJ/2007/20221 " Permitted to post at Ahd. PSO on 11 the every month under postal REG. No. GAMC. 003 / 2021 - 2023 Valid up to 31-12-2023 issued by the SSPO's License to post without Prepayment No. PMG/NG/028/2021/2023 Valid up to 31-12-2023









૧.લોસ એન્જલસ (અમેરિકા) મંદિરના ૨૦માં પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીના અન્નકૂટ દર્શન. ૨. ઓકલેન્ડ (ન્યુઝીલેન્ડ) મંદિરમાં શાકોત્સવના દર્શન. ૩. કરાંચી (પાકિસ્તાન) આપણા મંદિરના યુવાનો ટીશર્ટ પર તિલક ચાંદલાના પ્રતિક સાથે ખૂબ મહત્વની મેચમાં ચેમ્પિયન બનીને આવ્યા તેની સમૂહ તસવીર આ માટે તેમને પ.પૂ.મોટા મહારાજશ્રીએ શુભેચ્છા પાઠવી હતી. (તસવીર હરીશ વાધવા) ૪. સીનસિનાટી (અમેરિકા) શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા કોરોના કાળમાં ભોજન માટેની યુટીલીટી કીટનું વિતરણ કરાયું હતું.

**શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના દેશ-વિદેશના હરિભક્તોના આગ્રહ અને સવલત માટે ઓનલાઈન ડોનેશન કાલુપુર મંદિરની ઓફિશીયલ વેબસાઈટ પર નીચે આપેલ લીંક દ્વારા કરી શકાશે.**

**htpp://www.swaminarayan.in/donation**

Praful Kharsani